What is Truth?

સત્ય શું છે?

કલનલ એસ. એલ. જેકબ સાહેબના
ઉર્દુ ટ્રાકટનો તરજુમો કરી.
છપાવી પ્રસિદ્ધ કરનાર.
સદગુણ દેસાઇભાઇ દેસાઇ.

પ્રત ૧૦૦૦.

અમદાવાદ.
ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસ.

ઇ. સ. ૧૮૯૫.

કિંમત રૂ. ૦—૨—૦

પહેલો અધ્યાય.

જવાબદારી.

મારા મીત્રો—મારા મનને ઘણી શાંત્તિ મળીછે અને મને ખાતરી છે કે જે વાતથી મને શાંત્તિ થઇછે તે દેવનું સતછે; એ માટે મારા મનની મરજી એ છે કે મારા આત્માને અજવાળું તથા સહિસલામતી શી રીતે મળ્યાં એ હું આપ લોકને લગી જણાવું, અને આ આશીર્વાદ હકિકતમાં દેવની તરફથી છે અને માણસની બનાવટથી નથી એની સાબીતી આપું.

આપણ સર્વે આ વાતપર મળતા આવીશું કે દેવે આપણ સર્વેને અને બધી વસ્તુઓને બનાવીછે: અને તે ઉત્પન્ન કર્ત્તાછે અને આપણે ઉત્પન્ન કરેલાં છિયે માટે આપણી ફરજ એ છે કે આપણે પોતાની મરજી પ્રમાણે નહિ પણ તેની મરજી પ્રમાણે ચાલિયે. એક દિવસ આવશે કે જ્યારે દેવ આપણો હિસાબ લેશે. જે કંઇ માણસ વાવશે તેજ તે કાપશે. જો દરરોજ આપણે દેવની મરજી પ્રમાણે ચાલીશું તો ઇનામ મળશે, નહિ તો સજા તો જરૂર મળશે.

આપણ સર્વે આ વાતપર પણ મળતા આવીશું કે દેવ સારો છે અને જે કંઇ તે કરેછે તે સારૂંજ કરે છે. તે દયાળુ તથા મહેરબાન છે માટે આશીર્વાદ આપવા ચાહે છે. તે પવિત્ર છે માટે ભુંડાઇપર તેનો કંટાળો છે.

દેવ ઉત્પન્ન કર્ત્તા છે અને આપણ ઉત્પન્ન કરાએલાં છિયે માટે તે આપણી પાસેથી ભલાઇ તથા ભુંડાઇના હાલની તપાસ નહિ કરશે પણ સર્વ વાતોમાં આપણે વાસ્તે આ વાતની ઘણી જરૂર છે કે આપણે દેવની મરજીને જાણિયે. અને જ્યારે આપણને દેવની

મરજી પ્રગટ થાય ત્યારે દિલોજાનથી આપણે તેને કબુલ કરવી અને દેવનો ઉપકાર માનવો પછી ગમે તો એમ કરવાથી આ દુનિઆમાં ફાયદો થાય કે નુકશાન થાય. જે કંઇ દેવની મરજી પ્રમાણે છે તેનું પરિણામ અંતે સારૂં નિકળશે અને જે કંઇ દેવની મરજી પ્રમાણે નથી તેનું પરિણામ આખરે ખરાબજ નિકળશે.

જ્યારે આપણે નાહાનાં હતાં ત્યારે આપણાં માબાપે પોતપોતાના ધર્મની વાતો આપણને શીખાવી. આપણામાંથી કોઈ ખ્રીસ્તી હતા, કોઇ મુસલમાન હતા, કોઇ હિંદુ, કોઇ પારસી વિગેરે વિગેરે હતા. બચપણમાં સમજ્યા વગર આપણે તેમની વાતો કબુલ કરી પણ જ્યારે આપણે ઉમરમાં મોટા થયા ત્યારે આપણી ફરજ પણ મોટી જાહેર થઇ અને તે વાજબી માલમ પડ્યું કે આપણે દેવની શિખામણ પ્રમાણે ચાલીયે અને તેનાથીજ બોધ પામીયે અને જો આપણે આ પ્રમાણે નથી કરતા તો આપણને અફસોસ છે. ઘણા ખ્રીસ્તી, મુસલમાન અને હિંદુલોક શા માટે પોતપોતાના ધર્મમાં કાયમ રહેછે? કારણ એ છે કે તેઓનો જન્મ એજ લોકોમાં થએલો છે. કેટલાક લોક એવા છે કે જે જે વાતો તેઓના મીત્ર માને છે તે તેઓ માને છે. તેઓ કોઇ વાતનો સોધ નથી કરતા, ફક્ત રિવાજ પ્રમાણે ચાલે છે. એવા લોક દેવની સત્યતાને બિલકુલ નહિ માનશે. છેલ્લે દિવસે જ્યારે દેવ ઇનસાફના તખ્તપર બેસશે ત્યારે તે આપણું આ બાહાનું બિલકુલ નહિ સાંભળશે કે જે કંઇ અમારા માબાપે અમને શીખાડ્યું તે અમે માનતા હતા. હરેક માણસને માથે જવાબદારી છે કે તે પોતે દેવનો અવાજ સાંભળે અને માને.

દેવ એક છે અને તે ઝગડો ઉત્પન્ન કરનાર નથી. દેવનો રસ્તો

એક છે. જે કંઇ વાત તે એકને કહેછે તેજ વાત તે બીજાને કહે છે. દેવ માણુસોને જુદો જુદો બોધ નથી કરતો એ માટે આપણે ઘણી મહેનતથી તપાસ કરવી જોઇએ કે કઈ વાત ખરી છે અને દેવની તરફથી છે. એજ માટે હું તમારી વિનંતી કરૂછું કે જે જે વાતો આ નાહાની ચોપડીમાં લખી છે તેપર બહુ વિચાર કરો અને દેવની પ્રાર્થના કરો કે તે ખરી વાત તમારાપર જાહેર કરે આ વાત એવી જરૂરની છે કે એનું બ્યાન ના થઇ શકે માટે જરૂર છે કે આપણે માબાપની, દોસ્તદારની તથા ધર્મોપદેશકની વાતને કબુલ ના કરિયે પણ આપણે દરેક દેવ તરફથીજ સત્યનો રસ્તો સમજીયે. કદાપી કોઇ કહેશે કે હું અજ્ઞાન તથા અભણ છું માટે આ વાતોને હું શી રીતે કબુલ કરૂ? ભાઇ બીહો મા. જે કોઇ ગરીબ થઇ દેવના રસ્તાને સોધશે તેને તે રસ્તો જરૂર મળશે. દેવ ભણેલા વિદ્વાનને નહિ પણ નમ્ર મનવાળાને ચાહે છે. મગરૂર વિદ્વાન ભ્રમણામાં પડશે પણ અજ્ઞાન માણસ જો નમ્ર મનનો હશે તો તે દેવના રસ્તાને ઓળખશે.

અધ્યાય બીજો.

નિયમ શાસ્ત્ર વીશે.

આપણ સર્વને ભલા તથા ભુંડાની થોડી ઘણી ઓળખાણ છે, તથા સર્વની પાસે કોઇ પણ નિયમ જરૂર હોય છે. મુસલમાન લોક કુરાનને માને છે. હિંદુ લોક પાસે વેદ છે અને શીખ લોક ગ્રંથ સાહેબને માને છે. વળી દેવે આપણુ સર્વને પ્રેકર બુદ્ધિ (Conscience) એટલે ભલા તથા ભુંડાની ઓળખાણ આપી છે. આ આપણા મનમાં સાક્ષી પુરે છે, અને સારાં કામોને સારાં અને ખરાબ કામોને ખરાબ બતાવે છે,

મારૂં કહેવું એ નથી કે સર્વની પાસે જે નિયમ છે તે સરખા છે અને એ પણ નહિ કે પહેલાં કંઇ ફરક નહોતો પણ હું આ કહું છું કે હરેકની પાસે જરૂર કોઇપણ નિયમ છે જેને વસીલેથી તે ભલાઇ તથા ભુંડાઇને પારખી શકે છે.

ખ્રીસ્તી લોક પાસે **બાયબલ** છે જેમાં દેવનું નિયમ શાસ્ત્ર લખેલું છે. આ નિયમશાસ્ત્રથી માણસની ફરજો જાહેર થાય છે. નિયમ શાસ્ત્રનો સાર એ છે કે "પ્રભુ આપણો દેવ તે પ્રભુ એકજ છે; ને તારા આખા હૃદયથી, ને તારા આખા જીવથી, ને તારી આખી બુદ્ધિથી, ને તારા આખા સામર્થ્યથી પ્રભુ તારા દેવ પર તું પ્રીતિ કર-પેહેલી આજ્ઞા એ છે. ને બીજી એના જેવી છે, એટલે-જેમ તું પોતાપર પ્રીતિ કરે છે તેમ તારા પડોશીપર પ્રીતિ કર." માર્ક. ૧૨; ૨૯-૩૧.

હવે હું આપ લોકને આ સવાલ કરવા ચાહું છું કે આપ લોક પોતે પોતાના નિયમ પ્રમાણે હમેશાં ભલું કરો છો કે નહિ ? જો કોઇ માણસ ખરી રીતે આ સવાલનો જવાબ આપશે તો તે જરૂર કહેશે કે મેં ઘણી વખતે પોતાના શાસ્ત્રને અથવા નિયમને વિરૂદ્ધ કામ કર્યા છે.

જેટલા આદમ પુત્રો છે તે સર્વેનો આજ હાલ છે. ખ્રીસ્તી, મુસલમાન, હિંદુ અને સીખ સર્વ પાપી છે. પેગંબર, ગુરૂ, મોલવી, સાહદ, ફકીર, બ્રાહ્મણ અથવા જે કોઇ હોય તે સર્વે એ પાપ કર્યા છે. બધાએ કોઇ ન કોઇ વખતે એવાં કામ કર્યાં છે કે જે વિશે તેઓ જાણે છે કે તે ખોટાં છે.

હે ભાઇઓ, જો આપણે ખરી રીતે પોતે પોતાની હાલતપર વિચાર કરિયે તો આપણને જરૂર માલમ પડશે કે આપણી ચાલચ-

લણમાં ઘણો ફરક છે. બધા કહેશે કે આપણે પોતા ઉપર ઘણો પ્યાર કર્યો છે. પોતાનો ફાયદો બહુ સોધ્યો છે અને દેવપર બહુ. થોડો પ્યાર કર્યો છે અને તેના હુકમો પ્રમાણે નથી ચાલ્યા.

કોઇ કહેશે કે બેશક અમે ઘણીવાર નાલાયક કામ કર્યાં છે. પણ પસ્તાવો કરીને હવે પછી સારાં કામ કરીશું. પણ તમે ચાહો તેટલી કોશીશ કરો પણ તેનો પરિણામ આખરે એ થશે કે આપણે પોતાના શાસ્ત્ર પ્રમાણે ચાલી નહિ શકીશું, તો દેવના નિયમ શાસ્ત્ર પ્રમાણેના કામોથી કેટલા દૂર રહ્યા હઇશું.

સર્વ શાસ્ત્રો અથવા નિયમો જે છે તે દેવનાં હોય કે રાજાઓ-નાં હોય, ગમે તેમનાં હોય પણ તેમનો સાર એ છે કે જે કોઇ ભુંડું કરશે તે સજા પામશે. આ દુનિયામાં જે કોઇ સરકારના હુકમ માને છે તેને સજા નથી મળતી પણ મુલકના સર્વ ફાયદાઓમાં તે સામેલ થાયછે પણ જો કોઇ એક પણ નહાના હુકમને તોડે છે તો તે નિયમ પ્રમાણે સજા પામેછે.

દેવના નિયમશાસ્ત્ર વિશે પણ હકીકત એમજ છે. જે લોક તેમને માને છે તેઓ આશીર્વાદ પામે છે પણ જો તેઓ નહિ માને તો તેજ વખત તેઓ નિયમશાસ્ત્ર પ્રમાણે ગુનેહગાર અને સજાને લાયક ઠરેછે.

જો આપણે એકજ વખત દેવના નિયમને તોડિયે તોપણ સ-જાને લાયક ઠરીએ પણ આપણે એકજ વખત નહિ પણ ઘણી વખતે એવાં કામ કર્યાં કે જેઓને આપણે જાણિયે છિયે કે તેઓ ખોટાં છે, એ માટે જ્યારે આપણે દેવની આગળ ઉભા રહીશું અને તે આપણી ખબર લેશે ત્યારે આપણે નિરૂત્તર થઇશું અને કંઇ બહાનું કહાડી શકીશું નહિ પણ હરેકને આ વાતની ખાતરી થશે કે હું નરકને લાયક છું.

કોઇ એવો સવાલ પુછશે કે શું દેવ મહેરબાન નથી ? શું તે બચાવનાર નથી ? બેશક તે મહેરબાન અને દયા કરનાર છે પણ તે વળી મોટો હાકેમ છે. હાકેમનું કામ એ છે કે તે ભુંડા કામ કરનારાઓને સજા આપે અને જો હાકેમ ભુંડા કામ કરનારાઓને સજા ના આપે તો તે ખરાબ હાકેમ છે. જો હાકેમ ચોરોને, છિનાળવાઓને અને ખુનીઓને છોડી દે તો તેના રાજ્યનો શો હાલ થશે? તેનું રાજ્ય બિલકુલ બરબાદ થઇ જશે. તો એ પ્રમાણે દેવ ભુંડાઓને કેવી રીતે છોડી દેશે ? જો તે એમને એમને એમ છોડી દે તો તેનો ઇનસાફ ક્યાં ? દેવ પ્રીતિ છે તોપણ પોતાનો ઇનસાફ છોડીને તે પ્રીતિની ચડતી નહિ કરશે. દેવ પાપપર સખ્ત કંટાળો રાખેછે તો તે પાપને સજા આપ્યાવગર કેમ જવા દેશે ? હે ભાઇઓ, આ વાતપર બહુ વિચાર કરવો જોઇએ કે આપણે ઘણાં ઘણાં પાપ કર્યાં છે ત્યારે હવે આપણે દેવના વ્યાજબી ક્રોધથી શી રીતે બચીશું? જ્યાં લગી આ વાતનો જવાબ ના આપી શકો ત્યાં લગણ આરામ ના લેવો જોઇએ.

ત્રીજો અધ્યાય.

કૃપા વિશે.

જ્યારે મારી મુલાકાત મુસલમાન, હિંદુ, પારસી અથવા સીખની જોડે થાય છે ત્યારે હું એમને પુછુછું કે જો કોઇ પાપ કરે તો તેને માફી શી રીતે પ્રાપ્ત થાય ? દેવની જોડે તેનો મેળ શી રીતે થાય અને તે દેવનો આશીર્વાદ શી રીતે પામે ? ત્યારે હમેશાં મને એકજ પ્રકારનો જવાબ મળેછે અને તે એ છે કે એ માણસ ભલું કરી દેવ પાસેથી માફી અને આશીર્વાદ પામે. વળી.

કોઇ એમ કહેછે કે તે માણુસ પસ્તાવો કરી ફરી ભૂંડું ન કરે. વળી કોઇ કહેછે કે એ માણુસે ઉપવાસ કરવો પાર્થના કરવી, દાનધર્મ કરવાં. વળી કોઈ કહેછે કે એ માણુસ હજ કરે, ફકીર લોકને રૂપીઆ આપે, યાત્રા કરે વિગેરે વિગેરે. આ સર્વે વાતોનો ખુલાસો એ છે કે જો કોઇ માણુસ ન્યાયી અને સદાચરણી હશે તો તેજ દેવ તરફથી આશીર્વાદ પામશે.

પણ જો કોઇ સાચા દિલથી ન્યાયપણું કરી દેવને ખુશી કરવા ચાહશે તો તેને સાફ સાફ કબુલ કરવું પડશે કે મેં ન્યાયપણું નથી કર્યું, મને કાંઇ શાંતિ નથી વળતી, હું શું કરૂં કે દેવનો આશીર્વાદ પામું ?

જ્યારે મુસલમાન, હિંદુ વિગેરે લોક બાયબલની વાતો સાંભળે છે ત્યારે તેઓ ઘણું કરીને એમ કહેછે કે અમારા શાસ્ત્રોમાં પણ એવી વાતો લખી છે અમારા તથા તમારા શાસ્ત્રમાં કંઇ ફરક નથી.

હું કબુલ કરૂંછું કે જો આપણે નિયમ વિશે વાત કરિયે તો બેશક કુરાનમાં, વેદમાં અને ગ્રંથ સાહેબમાં ઘણી વાતો મળી આવે છે કે જે બાયબલમાંના નિયમશાસ્ત્રની સાથે મળતી આવેછે અને આ વાતનો તો ફેસલો અમે કરી ચુકયા છિયે કે હરેક માણુસના ધર્મની ચોપડીઓ અને હરેકની પ્રેરક બુદ્ધિ તેને કસુરવાર અથવા ગુનેહગાર ઠરાવે છે પણ બાયબલ બીજી ચોપડીઓથી આ વાતમાં ફરક રાખે છે, કે જો કે તેમાં ઉમદા પ્રકારનું નિયમશાસ્ત્રછે તોપણ તેમાં આ લખ્યું છે કે નિયમથી કોઇ માણુસ દેવનો આશીર્વાદ પામી શકતો નથી પણ નિયમશાસ્ત્ર માણુસને ગુનેહગાર ઠરાવવાને આપવામાં આવ્યું અને એ માટે નહિ કે તેથી માણુસને આશીર્વાદ

મજ઼ે જેમ લખ્યું છે કે "કોઇ માણસ નિયમની કરણીઓથી તેની આગળ ન્યાયી ઠરાવાશે નહિ, કારણ કે નિયમથી તો પાપનું ઓળખાણ થાય છે." રૂમી. ૩; ૨૦.

બાયબલ પરથી સાફ માલમ પડેછે કે આશીર્વાદ ફક્ત કૃપાથી મળેછે અને દેવ પોતાની કૃપા નાલાયકો પર જાહેર કરેછે. જે કોઇ ભલું કરીને ઇનામ મેળવેછે તે પોતાનો હક્ક પામે; પણ જે કોઇએ ન્યાયપણું કર્યું નહિ અને આશીર્વાદ પામ્યો તે કૃપા કહેવાય છે.

બાયબલમાં લખ્યું છે કે દેવ પ્રીતિ છે અને આશીર્વાદ દેવાને ખુશી છે. વળી તે ન્યાય છે અને તે પાપ પર ઘણો કંટાળો રાખેછે. આ તેના બન્ને ગુણ શી રીતે અમલમાં આવેછે અથવા પુરા થાય છે? જો તે પાપીઓને મારે તો તેની પ્રીતિ ક્યાં? અથવા જો તે પાપીઓને છોડી દે તો તેનો ઇનસાફ ક્યાં રહ્યો? તેની સ્તુતિ હો કે તેણે એક એવો રસ્તો ખોલ્યો છે કે જેથી તે પોતે ન્યાય રહે ને પાપીને પણ ન્યાય ઠરાવે અને તે રસ્તો આ છે કે તેણે પ્રભુ ઇશુ ખ્રીસ્તને મોકલ્યો એ માટે કે તેના મરણથી પાપનું પ્રાયશ્ચિત થાય અને તેને વશીલેથી પાપીનો મેળાપ દેવની જોડે થઇ જાય. આ પ્રમાણે દેવની કૃપા પાપીપર જાહેર થાય છે.

કદાચ વાંચનારને આ વાત ઘણી અજાયબ લાગશે અને ખરી વાત છે કે આવી વાત બીજા કોઇ પુસ્તકમાં મળી નથી આવતી.

જરૂર છે કે આપણે આ વાતની તપાસ કરિયે કે આ પુસ્તક એટલે બાયબલ દેવની તરફથી છે કે માણસની બનાવટનું છે. મને ખાતરી છે કે હરેક માણસ જે સાફ મનથી આ વાતની તપાસ કરે છે તેને સાફ માલમ પડશે કે બાયબલ દેવ તરફથી છે. એવા માણસને માલમ પડશે કે ઇનસાફ પ્રમાણે મારો નાસ

થવો જોઇએ પણ જો દેવ મને પોતાની કૃપાથી બચાવે તો હું બચી શકું, નહિ તો નરકમાં જરૂર જવું પડશે. તે ઘણી ખુશીથી આ મંગળ સમાચારનો અંગીકાર કરી દેવનીસ્તુતિ કર્યા કરશે.

હવે આપણે બાયબલની વાતોની તપાસ કરિયે.

ચોથો અધ્યાય.

બાયબલ વિશે વૃતાંત.

અમે પહેલા લખી ચુકયા છિયે કે બાયબલમાં એવી વાતો આવે છે કે જે બીજાં પુસ્તકોમાં મળી નથી આવતી માટે હવે આપણે એ પુસ્તકપર વિચાર કરીશું

જો કે જે નિયમશાસ્ત્ર આ પુસ્તકમાં મળી આવેછે તે સર્વનિયમોથી ઉત્તમ છે તો પણ આ પુસ્તક નિયમશાસ્ત્ર જાહેર કરવાને અપાયું નથી પણ આ પુસ્તકનો હેતુ એ છે કે તે એક ખાસ મતલબ આપણને પ્રગટ કરે અને આ વાતપર તમામ આશીર્વાદ આધાર રાખે છે.

બાયબલના ચાર ભાગ છે એટલે નિયમશાસ્ત્ર, ગીત, ભવિષ્યવાદિયો અને સુવાર્ત્તા. દરેક હીસ્સામાં જુદી જુદી ચોપડીઓ છે કે જે જુદા જુદા માણસોએ લખી. બાયબલના લખનારા બધા મળીને આશરે ચાળીશ છે. તેઓએ એ ચોપડીઓ જુદીજુદી વખતે લખી છે, એક જણે એક વખતમાં તો બીજે બીજી વખતમાં. પહેલો લખનાર મુસા હતો જે પ્રભુ ઇશુ ખ્રીસ્તના પેહેલાં ચૌદસો વરસ પર જીવતો હતો. છેલ્લો લખનાર યોહાન પ્રેરિત હતો જેણે ઇશુના જનમ્યા પછી આશરે સો વરસે પોતાની ચોપડીઓ લખી. આ લખનારાઓએ પોત પોતાની વાતો નથી લખી પણ દેવની વાતો

લખી. એમના લખાણોમાં ઘણી વાતો છે કે જે દેવના જાહેર કર્યા વગર જાહેર થઇ શકે નહિ.

જ્યારે અમે જોઇએ છિયે કે જો કે લખનારા ઘણા છે જેઓ એ જુદા જુદા વખતમાં પોતપોતાની ચોપડીઓ લખી તોપણ તેઓની સર્વ વાતો એક બીજાની જોડે મળતી આવેછે અને જ્યારે અમને માલમ પડેછે કે તેઓએ ઘણી વાતો લખી કે જે થનાર હતી અને કે આ વાતો સાચી ઠરી ત્યારે અમને માલમ પડેછે કે એ લખાણ દેવની પ્રેરણાથી લખાયાં છે.

જો કોઇ હિંદુસ્તાન અથવા ઇગ્લાંડના જુદા જુદા ઇતિહાસ કર્ત્તાઓની ત્વારીખોનો મુકાબલો કરશે તો તેને એ માલમ પડશે કે એક ત્વારિખ બીજી ત્વારીખ જોડે મળતી આવતી નથી. એક જણ એક વાત કહેછે તો બીજો એ વાતનો ઇનકાર કરેછે. તો બાવબલની સર્વ વાતો એક બીજાની જોડે બરોબર શી રીતે મળતી આવેછે? શું એ દેવ તરફથી નથી?

જે વાતો થનાર છે તે દેવ સિવાય કોણ જાણી શકે છે? જ્યારે ભવિષ્યવાદીયોની વાતો પૂરી થાય છે ત્યારે અમને ખાતરી થાયછે કે દેવે એ વાતો તેમને પ્રગટ કરી હતી.

પણ મુખ્યત્વ કરીને આપણે બાયબલ વાંચીને આ વાતની તપાસ કરિયે કે પ્રભુ ઇશુખ્રિસ્ત કોણછે? શું તે ફક્ત આદમી છે કે દેવનો પુત્ર છે? આ સવાલનો જવાબ આપવાને વાસ્તે આપણે એક બીજી વાતની તપાસ કરીશું, એટલે કે પ્રભુ ઇશુખ્રિસ્ત વધસ્તંભપર મરણ પામીને દટાયો ત્યારપછી તે પાછો સજીવન થયો કે નહિ?

ખરી વાત છે કે જ્યારે કોઇ નિયમશાસ્ત્રને, ઝબુરને, અને પેગમબરોનાં પુસ્તકોને તપાસશે ત્યારે તેને માલમ પડશે કે જે વાતો

તેમાં લખી છે તે મુખ્યત્વે કરીને ઇસ્રાઇલ લોક વિશે છે પણ જો વિચારથી જોશે તો તને માલમ પડશે કે આ સર્વે વાતો પ્રભુ ઇશુખ્રિસ્તના વિષયમાં લખી છે એ માટે ઇસ્રાઇલ લોકની સર્વે વાતો પ્રભુ ઇશુખ્રિસ્તની જોડે સંબંધ રાખે છે. જેટલી રીતો અને ધારા ઇસ્રાઇલ પુત્રોના હતા તેઓથી માલમ પડેછે કે ખ્રિસ્ત કેવો થશે. તેઓના યજ્ઞોથી ખ્રિસ્તના મરણના ઇશારા દરરોજ કરવામાં આવતા હતા. તેઓના ભજનસ્થાનની હરેક જગ્યા ગમે તો મંડપની કે મંદીરની, ખ્રીસ્તનો નમુનો છે એ માટે કે તેનો હાલ જાહેર થાએ. ઇસ્રાઇલ પુત્રોના સર્વ તહેવાર ખ્રીસ્ત જોડે સંબંધ રાખેછે. દાવુદ રાજાએ ગીતનું પુસ્તક લખ્યું પણ તેમાં ખ્રીસ્તનોજ હાલ લખ્યો છે. જેટલા ભવિષ્યવાદી થયા એટલા બધાએ ખ્રીસ્ત સંબંધી ભવિષ્યવાદ કર્યા. સુવાર્તામાં લખ્યું છે કે ખ્રીસ્ત આ દુનિયામાં શી રીતે આવ્યો અને શી રીતે રહ્યો અને શી રીતે મરણ પામ્યો. વળી એ પણ લખ્યું છે કે મરી ગએલાઓમાંથી સજીવન થઇને તે આકાશે ચડી ગયો. પવિત્રાત્માને મોકલ્યો, અને તે જીવતા તથા મુએલાઓનો ઇનસાફ કરવા ફરી આવશે.

પહેલો સવાલ એ છે કે શું બાયબલ—નિયમશાસ્ત્ર, ગીત, ભવિષ્યવાદ તથા સુવાર્તા—દેવનું વચન છે? આનો જવાબ બીજા સવાલના જવાબપરથી માલમ પડશે અને તે એ છે કે પ્રભુ ઇશુ ખ્રીસ્ત કોણ છે અને તેણે શું કર્યુંછે? આપણે આ વિશે વીચાર કરીશું.

પણ કદાપિ કોઇ કહેશે કે બેશક નિયમ શાસ્ત્ર, ઝબુર, ભવિષ્યવાદિયો તથા સુવાર્તા દેવની તરફથી છે પણ ખ્રીસ્તી લોકોએ તેમને બદલી નાખી છે અને જે ચોપડીઓ હાલ ખ્રીસ્તી લોક પાસે છે તે અસલી નથી.

હું પુછુંછું કે આ કેમ બની શકે ? નિયમશાસ્ત્ર, દાવુદનાં ગીત અને ભવિષ્યવાદિયોનાં પુસ્તક યહુદી લોકની મારફતે ખ્રીસ્તી લોકની પાસે આવ્યાં છે. યહુદી લોક એ લોકછે કે જેઓએ પ્રભુ ઇશુને વધસ્તંભે જડયો. એઓએ કહ્યું કે તે દુર્ભાષણ કહેછે અને પોતાને દેવનો પુત્ર ઠરાવેછે. હાલ પણ યહુદી લોક તેના દુષ્મન છે. જો ખ્રીસ્તી લોક આ ચોપડીઓનો એક શબ્દ બદલત તો યહુદી લોક શું તેમને નપકડ-ત ? બેશક પકડત. પણ જો કે તેઓ દુશ્મન છે તોપણ તેઓને માનવું પડેછે કે ખ્રીસ્તીઓએ એ ચોપડીઓને બદલી નથી. આ કહેવત મશહુર છે કે દુશ્મનની સાક્ષિ ખરીછે. આથી જાહેર છે કે નિયમશાસ્ત્ર, ગીત, અને ભવિષ્યવાદિયોનાં પુસ્તક અસલી છે.

સુવાર્ત્તા યહુદી લોકોની મારફતે ખ્રીસ્તી લોકો પાસે નથી આવી તોપણ તેના ઘણા દુશ્મન છે. એ ફક્ત જે દેશો ખ્રીસ્તી દેશ નથી કહેવાતા તેઓમાં છે એટલુંજ નહિ પણ જે દેશો ખ્રીસ્તી દેશ કહે-વાય છે તેઓમાં પણ છે. એઓમાં મોટા પંડિતો છે કે જેઓએ કોઇપણ તરેહ એવી સાબીતી મેળવવાને કોશીશ કરી છે કે સુવાર્ત્તા અસલી નથી અથવા કે કંઇ ભુલો તેમાં મળી આવે પણ તેઓનાં સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયાં છે.

સુવાર્તાની સેંકડો પ્રતો જુદા જુદા મુલકોમાં છે કે જે જુદા જુદા વખતોમાં નકલ કરવામાં આવી. આ પ્રતો ઘણી સંભાળથી રાખવામાં આવી છે. તેઓને છાપવામાં આવી છે અને અકસમાં ઉતારવામાં આવી છે. એઓનો બહુ સંભાળથી એક બીજાની જોડે મુકાબલો કરવામાં આવ્યો છે. એટલુંજ નહી પણ આ કામમાં કે-ટલાક વિદ્વાન લોકોએ પોતાની ઉમર કહાડી નાખી છે. હરેક પ્રતમાં

જે કંઇ ફેરફાર માલમ પડયા તે સર્વેને જાહેર કરવામાં આવ્યા છે. પણ કોઇ પ્રતમાં એક પણ ભારે ફરક માલમ પડયો નથી. નકલ કરવામાં થોડો થોડો તો ફરક પડયો છે પણ એટલી ભૂલ તો નથી થઇ કે જેથી સત્ય અથવા ખરી વાતમાં કંઇ ફરક પડી જાય.

જે લોક કહેછે કે ખ્રીસ્તીઓએ બાયબલ બદલી નાખ્યું છે તેઓને બે સવાલ હું પુછવા ચાહુંછું. પહેલો એ છે કે તેઓ એક સાબીતી પ્રગટ કરે એ જણાવવાને કે ખ્રીસ્તીઓએ હકિકતમાં એ પ્રમાણે કર્યું છે.

બીજો સવાલ એ છે કે જો આ બાયબલ જે ખ્રીસ્તીલોક પાસે છે તે અસલી નથી તો તેઓ અસલ બાયબલ બતાવે એ માટે અમે તે જોઇએ અને જાણિયે કે તેમાં શું છે. જો દેવ અમને કોઇ પુસ્તક આપે તો શું એ પણ શકય છે કે તે અમારી પાસેથી કદિ જતું રહે અથવા કે ખ્રીસ્તીલોક તેને બદલી નાખે? કદિ નહિ. આકાશ તથા પૃથ્વી ટળી જશે પણ દેવનું વચન કદિ નહિ ટળી જશે. આ નિયમશાસ્ત્ર, ઝબુર, પેગંબર, અને સુવાર્તા વગર કોઇ બીજું નિયમશાસ્ત્ર મળી નથી આવતું તેથી સાબીતી મળે છે કે તે અસલી છે.

પણ કદાચ કોઇ કહેશે કે બાયબલ દેવનું વચન છે તે વિશે હજી સુધી કંઇ સાબીતી આપી નથી. એનો જવાબ એ છે કે બાયબલ પોતેજ પોતાની સાબીતી છે કે તે દેવનું વચન છે કે નહિ. જો તેમાંજ સાબીતી મળી આવે તો બીજી સાબીતીઓ આપવામાં શો ફાયદો છે? અમે સાબીતી નથી આપી શકતા કે દેવ પોતે દેવજ છે, તે પોતે પોતાનીજ સાબીતી છે અને અમારૂં એ કામ છે કે તેને કબુલ કરીને તેનું ભજન કરિયે. આ પ્રમાણે હરેક જે ગ-

રીબ મનનો છે તેને સાફ પ્રગટ થશે કે બાયબલ દેવનું વચન છે કે નહિ. હવે આપણે ઇશુખ્રીસ્ત તથા આ પુસ્તક વિશેની હકિકત વિસે ઘણી નમ્રતાથી તપાસ કરીશું.

અધ્યાય પાંચમો.

ભવીષ્યવાદ.

સુવાર્ત્તાથી અમને માલમ પડેછે કે પ્રભુ ઇશુ ખ્રીસ્તનો તથા શિષ્યોનો દાવો એ હતો કે પ્રભુ આવ્યો એ માટે કે દેવનાં વચન પુરાં થાય, અને કે તેના વિશેની તમામ હકિકત ભવિષ્યવાદિઓએ પ્રથમથી લખી હતી. અમે આ વાતની કંઇ સાબીતી આપીશું.

માત્થીની સુવાર્તાના પહેલા અધ્યાયમાં લખ્યું છે કે જે પ્રમાણે સર્વ લોક પેદા થાયછે તે પ્રમાણે ખ્રીસ્તના જન્મ વિશે વાત નહતી પણ તે પવિત્રાત્માને પરાક્રમે એક કુંવારીથી જન્મ્યો. એના જન્મ પહેલાં સાતસો વરસપર યસાયા પેગંબરે લખ્યું હતું કે "જુઓ કુંવારી ગર્ભવંતી થશે ને પુત્ર જણશે અને તેનું નામ તેઓ ઇમાનુએલ પાડશે, જેનો અર્થ એ છે કે, દેવ આપણી સાથે. યસાયા. ૭; ૧૪. માત્થી ૧; ૨૩.

યસાયા ભવિષ્યવાદિયે આ વાત પણ લખી છે કે "આપણને સારૂ છોકરો જન્મ્યો છે, આપણને પુત્ર અપાયો છે, ને તેની ખાંધપર રાજ્યાધિકાર થશે, ને તેનું નામ આશ્ચર્ય, સુબોધક, પરાક્રમી દેવ, સર્વકાલનો બાપ, શાંત્તિનો સરદાર કહેવાશે." યસાયા. ૯; ૬.

જ્યારે માગી લોકોએ પૂર્વથી આવીને હેરોદ રાજાને પુછ્યું કે યહુદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે ત્યારે હેરોદ રાજાએ મુખ્ય યાજકોને બોલાવીને પુછ્યું કે મસીહ ક્યાં જન્મશે ? તેઓએ તેને જવાબ આપ્યો કે યહુદાના બેથલેહમમાં કેમકે ભવિષ્યવાદીની

મારફતે એમ લખાયું છે કે "ઓ યહુદા દેશના બેથલહેમ, તું યહુદાના સુબાઓમાં કોઇ પ્રકારે સર્વથી નાનું નથી, કાંજે તારાથી એક અધિપતિ નિકળશે, જે મારા ઇસ્રાઇલી લોકોનું પાલન કરશે." મીકાહ ૫; ૨. માત્થી. ૨; ૧–૧૧

પ્રભુ ઇશુખ્રીસ્ત બેથલેહમમાં જન્મ્યો તો હવે આ વાત જો દેવે પહેલાં ભવિષ્યવાદીને પ્રગટ કરી નહોત તો તેને એ શી રીતે માલમ પડત.

માત્થીના બીજા અધ્યાયમાં બીજા ભવિષ્યવાદો પુરા થવાનો હેવાલ આપ્યો છે. દેવે ઇબ્રાહીમને કહ્યું હતું કે "તારા બીજમાં પૃથ્વિના સર્વ લોક આશીર્વાદિત થશે." ઉત્પતિ ૨૨; ૧૮. પ્રભુ ઇશુ ખ્રીસ્ત તેજ બીજછે. દેવે દાવુદ રાજાને કહ્યું કે "તારા પછી તારા બીજને હું ઉઠાવીશ, જે તારા દિકરાઓમાંનો થશે, ને તેનું રાજ્ય હું સ્થાપિશ ને હું તેને મારા ઘરમાં તથા મારા રાજ્યમાં સદા સ્થાપિશ, ને તેનું રાજ્યાસન સદા સ્થપાશે." ૧ કાલવૃ. ૧૭; ૧૧–૧૪

યાકુબે ભવિષ્યવાદ કહ્યો હતો કે "શિલોહના આવવા સુધી યહુદાથી રાજ દંડ જતો રેહેશે નહિ; ને તેના પગો મધ્યેથી વિધિ સ્થાપક નહિ જશે. ને તેની પાસે લોકોનો સંગ થશે." ઉત્પતિ ૪૯; ૧૦.

ઉપરના ભવિષ્યવાદ પ્રમાણે પ્રભુ ઇબ્રાહિમનો અને દાવુદનો પુત્ર હતો. માત્થી ૧; ૧.

વળી પ્રભુ યહુદાના કુળમાંનો હતો અને તેનામાં આ સર્વ ભવિષ્યવાદો પુરા થયા.

યોહાન બાપ્તિસ્મા કરનાર જે ખ્રીસ્તના પેહેલાં મોકલવામાં આવ્યો તે ઉપદેશ કરવા લાગ્યો કે આ એજ છે કે જેના વિષે

યસાયા ભવિષ્યવાદિયે કહ્યું હતું કે રાનમાં પોકારનારની વાણી, એ-ટલે પ્રભુનો માર્ગ તૈયાર કરો, તેના રસ્તા સીધા કરો. "યસાયા ૪૦; ૩. માત્થી. ૩; ૩.

જ્યારે પ્રભુ ઈશુ ખ્રીસ્ત ઉપદેસ કરવા લાગ્યો ત્યારે તે નાજ-રેથના સભાસ્થાનમાં ગયો અને યસાયા ભવિષ્યવાદીનું પુસ્તક ઉઘાડીને વાંચ્યું કે "પ્રભુનો આત્મા મારાપર છે, કેમકે દરિદ્રીઓને સુવાર્ત્તા કહેવા સારૂ તેણે મને અભિશેક કીધો છે; ભાંગેલાં મન વાળાંઓને સારાં કરવા, બંદીવાનોને માફી તથા આંધળાઓને દૃષ્ટિ પામવાનું પ્રગટ કરવા, હૃદય ભંગીતોને છોડાવવા, તથા પ્રભુએ માન્ય કરેલું વરસ પ્રગટ કરવા સારૂ તેણે મને મોકલ્યો છે." આ વાંચીને પ્રભુ બેસી ગયો અને સર્વને કહેવા લાગ્યો કે આજ આ લેખ તમારા સાંભળવામાં પુરો થયો છે. યશાયા ૬૧; ૧. લુક ૪; ૧૮. ૨૧

પ્રભુ ગાલીલમાં ગયો અને ત્યાં રહ્યો, એ માટે કે ભવિષ્ય-વાદ પુરો થાય. માત્થી. ૪; ૧૨-૧૬. ૧૨; ૧૫-૨૧.

જ્યારે ફરોસી લોક પ્રભુની તરફ દુશ્મની બતાવતા હતા ત્યારે તેણે કહ્યું કે "જો તમે મુસાપર વિશ્વાસ કર્યો હોત, તો તમે મારા પર વિશ્વાસ કરત; કાંજે તેણે મારા વિષે લખ્યું છે." યોહાન ૫; ૪૬

જ્યારે છેલ્લી વખત તે યરૂશાલેમમાં જવા લાગ્યો ત્યારે તે પોતાના શિષ્યોને કહેવા લાગ્યો કે "જુઓ, આપણે યરૂશાલેમ જઈએ છિયે, ને માણસના દીકરા સંબંધી ભવિષ્યવાદીઓથી જે લખાયલું છે તે સર્વ પુરૂં કરાશે. કેમકે તે વિદેશીઓને સ્વાધીન કરાશે, ને તેઓ તેની મશ્કરી કરશે, ને અપમાન કરશે, ને તેના પર થુંકશે, ને કોરડા મારીને તેને મારી નાખશે, ને ત્રીજે દહાડે તે પાછો ઉ-ઠશે." લુક. ૧૮; ૩૧-૩૩. જ્યારે તે યરૂશાલેમ શહેરમાં દાખલ

થયો ત્યારે જખરિયા ભવિષ્યવાદીનો ભવિષ્યવાદ પુરો થયો. જખરિયા. ૯; ૯. માંથી ૨૧. ૧—૧૧.

ખ્રીસ્તના મરણની વાતો જે સુવાર્त्તામાં લખીછે તેમની જોડે ભવિષ્યવાદિયોના ભવિષ્યવાદને જો કોઇ મેળાવશે, વિશેષે કરીને ગીતના ૨૨ મા અધ્યાયને અને યશાયાના ૫૩ મા અધ્યાયને તો તેને સાફ માલમ પડશે કે આ ભવિષ્યવાદોની હરેક વાત પુરી થઇ છે. આ ભવિષ્યવાદોમાં લખ્યું છે કે તેના હાથ પગ છેદાએ, તેનાં લુગડાંના હિસ્સા કરવામાં આવે પણ તેના ડગલાપર ચીઠીઓ નાખવામાં આવે. જયારે પ્રભુ વધ્રસ્તંભપર ઉંચો કરવામાં આવ્યો ત્યારે તેના દુશ્મનો તેની મસ્કરી કરવા લાગ્યા તે વખતના તેમના શબ્દો બાવીસમા ગીતમાં મળી આવેછે. એક ભવિષ્યવાદિયે કહ્યું હતું કે તે તરસ્યો થશે અને તેઓ તેને શીરકો પાસે. એકે લખ્યું હતું કે તેનું શરીર છેદાએ, બીજાએ લખ્યું છે કે તેનું કોઈ હાડકું ભાંજવામાં ન આવશે, એકે લખ્યું છે કે તે કોઇ શ્રિમંતની કબરમાં દટાશે. આ સઘળા ભવિષ્યવાદો પુરા થયાછે. મહેરબાની કરીને આપ લોક આ વાતની તપાસ કરો. જો તે દેવ તરફથી મોકલવામાં ન આવ્યો હોત તો આ બધી વાત શી રીતે સાચી ઠરત?

જયારે તે પોતાના વચન પ્રમાણે મરી ગએલાઓમાંથી જીવતો થયો ત્યારે તેણે પોતાના શિષ્યોને કહ્યું કે "ઓ અણસમજયા તથા જે ભવિષ્યવાદીઓએ કહ્યું છે, તે સર્વપર વિશ્વાસ કરવાને જડબુદ્ધિના, શું ખ્રીસ્તે એ સેહેવું ને પોતાના મહિમામાં પેસવું જોઇતું નહોતું? ને મુસાથી તથા સઘળા ભવિષ્યવાદીઓથી માંડીને તેણે બધા ધર્મ લેખોમાં પોતા સંબંધીનાંનો અર્થ દેખાડયો." લુક, ૨૪; ૨૫–૨૭.

જ્યારે તે આકાશમાં ચડી ગયો અને પોતાના માણસપણામાં દેવને જમણે હાથે બેઠો ત્યારે વળી ગીતના ૧૧૦ મા અધ્યાયની પહેલી કલમ પુરી થઇ. જ્યારે પ્રેરિત લોક તેના વિષે ઉપદેશ કરતા હતા ત્યારે તેઓએ સાબીતી આપી કે તેની સર્વ વાતો અને તેની તમામ જીંદગીનું ગુજરવું ભવિષ્યવાદ પ્રમાણે હતાં. પ્રેરિ. ૨; ૨૨-૩૨. ૩; ૨૦-૨૬. ૪; ૨૩-૨૮. ૧૩; ૧૬-૩૭. ૧૭; ૨, ૩. ૨૮; ૨૩-૨૮. આ સર્વ કલમોની તપાસ કરો અને એથી વધારે સાબીતીની દરકાર હોય તો પત્રો વાંચી જુઓ.

આ ભવિષ્યવાદો સિવાય બીજા ઘણા ભવિષ્યવાદો ઇશ્રાઇલ લોક અને બીજા લોક વિષે બાયબલમાં લખેલા છે. એઓમાંથી કોઇ ભવિષ્યવાદ જૂઠો પડયો નથી. ઘણા ભવિયવાદો પુરા થયાછે અને બીજા પુરા થવાના છે. એઓના પુરા થવાથી દેવે સાફ પ્રગટ કર્યું છે કે બાયબલ દેવનું વચન છે. આ નાની ચોપડીમાં તમામ વાતો લખી શકાય એમ નથી. પણ જો કોઇ આ વાતોપર વિચાર કરશે તો તેને માલમ પડશે કે ખચિત આ વાતો દેવ તરફથી છે.

જો એક પેગંબરે એક વાત લખી હોત અને તે પુરી થાત તો એ ઘણી અજાયબ વાત કહેવાત પણ ફક્ત એક પેગંબરે લખ્યું એમ નહિ પણ ઘણા પેગંબરોએ લખ્યું છે; ખ્રીસ્તના હકમાં માત્ર એકજ વાત લખવામાં આવી એમ નહિ પણ સેંકડો વાત લખવામાં આવી છે. તો શું આપ લોકોને ખાતરી નથી પડતી કે ઇશુ તેજ છે કે જેના હકમાં સર્વ પેગંબરો સાક્ષિ પુરેછે? એ માટે જે કોઇ પેગંબરોની વાતો માનશે તે કબુલ કરશે કે ઇશુ એજ મસીહ છે, અને તે જગતનો તારનાર છે. હું આપ લોકની વિનંતી કરૂંછું કે

આપ લોક ઘણી નમ્રતાથી આ વાતોને વાંચીને તે ઉપર વિચાર કરો એ માટે કે આપ લોક જુઓ કે પહેલેથી છેલ્લે લગી સાક્ષિ મળે છે કે પ્રભુ ઇશુખ્રીસ્ત સિવાય પાપીઓનો તારનાર બીજો કોઇ નથી.

છઠો અધ્યાય.

વિશેષ સાક્ષિ.

જે સાક્ષિયોને દેવે પ્રભુ ઈશુ ખ્રીસ્તના પેહેલાં મોકલ્યા હતા તે વિશે પાંચમા અધ્યાયમાં કેહેવામાં આવ્યુંછે. પ્રભુ ઇશુખ્રીસ્ત આ દુનિયામાં હાજર હતો તે વખત જે સાક્ષિયો હયાતીમાં હતા તેઓ વિષે આ અધ્યાયમાં વાતચિત થશે કે તેઓએ એવી સાહેદી પુરી હતી કે મસીહ એજ બચાવનાર, ઇસ્રાઇલનો રાજા અને દેવનો પુત્ર છે.

એક યાજક હતો જેનું નામ જખરિયા હતું. તે તથા તેની સ્ત્રી બન્ને ઘરડાં હતાં અને તેઓને છોકરાં થવાની કંઇ ઉમેદ ન હતી. એક વખત એક દુતે જાખરિયાની પાસે આવીને તેને કહ્યું કે તને એક પુત્ર થશે તેનું નામ યોહાન રાખવામાં આવશે, તે પ્રભુની આગળ જશે એ માટે કે તેને વાસ્તે યોગ્ય કરેલા લોકોને તૈયાર કરે. જેમ દુતે કહ્યું હતું તેમજ થયું. લુક ૧; ૫-૨૫; ૫૭-૮૦.

વળી તેજ દુત કુંવારી મરીયમની પાસે મોકલવામાં આવ્યો. તેણે એને કહ્યું કે જો તું પેટે ગર્ભ ધરશે ને દીકરો જણશે, ને તું તેનું નામ ઇશુ પાડજે. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; ને દેવ પ્રભુ તેને તેના પિતા દાવુદનું રાજ્યાસન આપશે, ને તે યાકુબના ઘરપર સર્વકાળ રાજ્ય કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ. અને મરિયમે દૂતને કહ્યું કે, એ શી તરેહ થશે? કેમકે

મેં કોઇ પુરૂષને જાણ્યો નથી. અને દૂતે તેને ઉત્તર આપતાં કહ્યું કે, પવિત્રાત્મા તારા પર આવશે, ને પરાત્પરનો પરાક્રમ તારા પર આચ્છાદન કરશે; માટે જે પવિત્ર તારાથી જન્મશે તે દેવનો દીકરો કહેવાશે. લુક ૧; ૨૯–૩૫.

એક દૂત યુસફની પાસે પણ મોકલવામાં આવ્યો. તેણે એને કહ્યું કે ઓ યુસફ દાવુદના દીકરા તારી વહુ મરિયમને તેડી લાવવાને બિહી મા, કાંજે તેમાં જે ગર્ભ રહેલો છે તે પવિત્રાત્માથી છે; ને તે દીકરો જણશે, ને તું તેનું નામ ઇશુ પાડજે; કેમકે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એજ છે. દૂતે એ પણ કહ્યું કે તેનું નામ ઇમાનુએલ થશે જેનો અર્થ એ છે કે દેવ અમારી સાથે. માત્થી. ૧; ૧૮–૨૩.

જ્યારે ઇશુખ્રિસ્તનો જન્મ થયો ત્યારે એક દૂતે કેટલાક ભરવાડોને કહ્યું કે જુઓ હું તમને ઘણા આનંદથી ખબર આપુછું કે જે સર્વ લોકને સારૂ થશે કેમકે આજ દાવુદના શેહેરમાં તમારે સારૂ એક તારનાર એટલે પ્રભુ ખ્રીસ્ત જનમ્યો છે...અને એકાએક દૂતની સાથે આકાશી સેનાનો સમુદાય પ્રગટ થયો; તેઓ દેવની સ્તુતિ કરીને કહેતા હતા કે, પરમ ઉંચામાં દેવને મહિમા તથા પૃથ્વીપર શાંતિ, તથા માણસોમાં પ્રસન્નતા. લુક. ૨; ૮–૧૪.

ઇશુના જન્મ પછી થોડા દીવસમાં શીમેઓન નામે એક ધાર્મિક માણસે ભવિષ્ય કહ્યું કે તેજ ખ્રીસ્ત તારનારછે. લુક ૨;૨૫-૩૫.

આના ભવિષ્યવાદેણે પણ તેના હકમાં ભવિષ્ય બોલીને યરૂશાલેમમાં જેઓ ઉદ્ધારની વાટ જોતા હતા તે સઘળાને તેના સંબંધી કહ્યું. લુક ૨; ૩૨–૩૮.

માગી લોકોએ પૂર્વથી આવી તેના વિષે સાહેદી આપી કે તે યહુદીઓનો રાજા છે અને તેની આગળ પડી તેનું ભજન કરી તેને નજરાણું આપ્યું. માત્થી. ૨; ૧–૧૧.

જ્યારે યોહાન બાપ્તિસ્મા કરનાર મોટો થયો ત્યારે તે જંગલમાં રહેવા લાગ્યો. અને જ્યારે તેણે ઉપદેશ કરવાનું કામ સરૂ કર્યું ત્યારે દેવનું એવું પરાક્રમ જાહેર થયું કે સર્વ લોક ગામ અને શેહેર છોડીને તેની પાસે ગયા અને પોતાનાં પાપ કબુલ કરીને તેના હાથથી બાપ્તિસ્મી થયા. યોહાન મોટો પેગંબર હતો, પેગંબરોથી પણ મોટો માત્થી. ૧૧; ૯. તોપણ તેણે સાહેદી આપી કે હું મસીહનાં ચંપલ ઉંચકવાને લાયક નથી. માત્થી. ૩; ૧૧.

યોહાને સાહેદી આપી કે ઇશુખ્રિસ્ત દેવનું હલવાન છે જે જગતનું પાપ હરણ કરેછે, વળી કે તે દેવનો પુત્ર છે અને કે તે પવિત્રાત્માથી બાપ્તિસ્મા કરનાર છે. યોહાન ૧. ૨૯–૩૪. વળી યોહાન ૩; ૨૫–૩૬ પણ જુઓ.

જ્યારે ઇશુ યોહાનથી બાપ્તિસ્મી થયો ત્યારે તેને સારૂ આકાશ ઉઘડી ગયું અને પવિત્રાત્મા ખબુતરની પેઠે તેના પર ઉતર્યો અને દેવ બાપની વાણી આકાશથી સાંભળવામાં આવી કે આ મારો વહાલો દીકરો છે, એના પર હું બહુ પ્રસન્ન છું. માત્થી. ૩; ૧૩–૧૭.

ઇશુએ જે ભૂતો ભૂત ગ્રસ્ત લોકોમાંથી કહાડ્યાં તેઓએ કબુલ કર્યું કે તે દેવનો દીકરો ખ્રીસ્ત છે. લુક. ૪; ૪૧.

એક વખત ખ્રીસ્તે એક માંદા માણસને કહ્યું કે તારાં પાપ તને માફ થયાં છે. ફરોસી લોક જે તે વખતના ધર્મોપદેશક હતા તેઓએ કહ્યું કે તે દુર્ભાષણ કરે છે. દેવ સિવાય પાપની માફી કોણ આપી

શકે ? પણ ખ્રીસ્તે એ માંદા માણુસને સાજો કર્યો અને આ પ્રમાણે સાબીત કરી આપ્યું કે પાપ માફ કરવાનો તેનો અધિકાર છે. એટલુંજ નહિ પણ દેવનું સર્વ પરાક્રમ તેનું હતું. માર્ક. ૨. ૧–૧૨.

એક વખત ખ્રીસ્તે પોતાના શિષ્યોને પુછ્યું કે હું કોણ છું? પીતરે ઉત્તર દેતાં કહ્યું કે તું મસીહ જીવતા દેવનો દીકરો છે. ઇશુએ ઉત્તર દેતાં તેને કહ્યું કે, સીમોન બારયોના, તને ધન્ય છે, કેમકે માંસે તથા લોહીએ નહિ, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે. માત્થી ૧૬; ૧૩–૧૭.

જો તે દેવનો પુત્ર નહોત તો શું તે પીતરને ન ધમકાવત?

એક વખત એમ થયું કે તે ત્રણ શિષ્યોને લઇને એક ઉંચા પહાડ પર ગયો અને તેઓની આગળ તેનું રૂપાંતર થયું એટલે તેનું મોહો સુરજના જેવુ તેજસ્વી થયું અને તેનાં લુગડાં અજવાળાના જેવાં ઉજળાં થયાં. ત્યારે જુઓ મુસા તથા એલીયા તેની જોડે વાત કરતા તેઓને દેખાયા. ત્યારે પીતરે બોલતાં ઇશુને કહ્યું કે પ્રભુ આપણે હિંયાં રહેવું સારૂં છે, જો તારી મરજી હોય તો હિંયાં ત્રણ માંડવા બનાવિયે, એક તારે કાજે ને એક મુસાને કાજે, ને એક એલીયાને કાજે. એજ વખતે આકાશમાંથી વાણી આવી કે એ મારો વહાલો દીકરો છે, એના પર હું બહુ પ્રસન્ન છું. માત્થી ૧૭; ૧–૬.

મુસા તથા એલીયા મોટા ભવિષ્યવાદી અને પરાક્રમી કામ કરનાર હતા તો પણ જ્યારે પીતર તેમને મસીહની બરોબર ગણવા લાગ્યો ત્યારે તેજ વખત જાણે કે બાપે ધમકાવીને કહ્યું કે તેમનાં નામ મારા દીકરાની જોડે ના લો.

જ્યારે પ્રભુ છેલ્લી વખત યરૂશાલેમમાં આવ્યો ત્યારે ત્યાંના લોકે ન જાણતાં ૧૧૮ મા ગીત પ્રમાણે પોકાર કર્યો કે દાવુદના

દીકરાને હોશાના, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે; પરમ ઉંચામાં હોશાના. માત્થી. ૨૧; ૯. ગીત ૧૧૮; ૨૬.

યહુદા જેણે તેને પરસ્વાધીન કરાવ્યો, પીલાત હાકેમ જેણે તેને વધસ્તંભપર જડવાનો હુકમ આપ્યો અને આ હાકેમની સ્ત્રી એ ત્રણેએ એના હકમાં સાહેદી આપી કે તે નિષ્પાપ હતો. માત્થી. ૨૭; ૪, ૧૯, ૨૪.

જ્યારે તે વધસ્તંભપર હતો ત્યારે બાર વાગ્યેથી ત્રણ વાગ્યા સુધી અંધારૂં થયું, અને જ્યારે તે મરણ પામ્યો ત્યારે મંદીરનો પડદો ઉપરથી તળે સુધી ફાટીને બે ભાગ થયા, ને ધરતી કાંપી, ને ખડકો ફાટી ગયા, ને કબરો ઉઘડાઇને ઉંઘેલા પવિત્રોનાં ઘણાં શરીર ઉઠયાં...જે જમાદારે તેને વધસ્તંભે જડયો હતો તે બોલી ઉઠયો કે ખરેખર એ દેવનો દીકરો હતો. આ સર્વ વાતો તેના વિશે સાહેદી પુરે છે કે દેવે તેને મોકલ્યો હતો. માત્થી. ૨૭; ૪૫–૫૪.

એક ચોર જે તેની જોડે વધસ્તંભે જડાયો હતો તેને માલમ પડયું કે આ પ્રભુ અને રાજા છે અને તેણે કહ્યું કે પ્રભુ તું તારા રાજ્યમાં જાય ત્યારે તું મને સંભારજે. લુક. ૨૩; ૪૨. તે દેવનો પુત્ર છે તેની સહુથી મોટી સાબીતી એ છે કે તે મરિગએલાઓમાંથી સજીવન થયો. આ વાતની સાબીતી એક આગલા અધ્યાયમાં આવશે.

જે સાબીતીઓ હિંયાં બતાવવામાં આવીછે તેથી સાફ માલમ પડેછે કે તે સત્યછે અને કે દેવે તેને મોકલ્યો અને એટલુંજ નહિ પણ તેણે કબુલ કર્યું કે હું ફકત રાજાજ નહિ પણ વળી દેવનો દીકરો છું. એ પરથી માલમ પડેછે કે તેનો દાવો સાચો છે.

———*○*———

સાતમો અધ્યાય.

ચમત્કાર.

પ્રભુ ઇશુ ખ્રીસ્તે ઘણા ચમત્કાર કીધા જેથી સાફ માલમ પડેછે કે દેવે તેને મોકલ્યો હતો અને તે દેવનો દીકરો હતો. પ્રભુએ પોતે કહ્યું કે "જો હું મારા બાપનાં કામ નથી કરતો, તો મારા પર વિશ્વાસ ન કરો. પણ જો હું કરૂંછું, તો તમે મારા પર કદાપિ વિશ્વાસ નથી કરતા, તોપણ તે કામો પર વિશ્વાસ કરો; એ માટે કે તમે જાણો, ને વિશ્વાસ કરો, કે બાપ મારામાં છે, ને હું તેનામાં છું." યોહાન ૧૦; ૩૭, ૩૮.

જ્યારે યોહાન બાપ્તિસ્મા કરનારનો વિશ્વાસ કેદખાનામાં કંઇ કમ થયો અને તેણે પોતાના શિષ્યોમાંથી બેને ઇશુની પાસે મોકલ્યા એ પુછવાને કે જે આવનારછે તે શું તું છે કે અમે બીજાની વાટ જોઇએ. ? ઇશુ તેજ વેળાએ રોગથી તથા પીડાથી તથા ભુંડા આત્માથી દુઃખ પામતા ઘણાઓને સાજા કરતો હતો, ને ઘણા આંધળાઓને તે દૃષ્ટિ આપતો હતો. અને ઇશુએ તેઓને ઉત્તર આપતાં કહ્યું કે તમે જઇને જે જોયું તથા સાંભળ્યું તે વિષેની વાત યોહાનને કહો, એટલે આંધળા દેખતા થાયછે, લુલા ચાલતા થાયછે, કહોડિયા શુદ્ધ કરાયછે, બેહેરા સાંભળતા થાયછે, મુએલા જીવતા થઇ ઉઠેછે, ને દરિદ્રીઓને સુવાર્ત્તા પ્રગટ કરાયછે. અને એ પણ કહ્યું કે જે મારા સંબંધી ઠોકર નહિ ખાશે, તેને ધન્યછે. લુક ૭; ૧૯-૨૩. આ પ્રમાણે તેના ચમત્કારોથી જાહેર થાયછે કે તે કોણછે. જો તમે ચમત્કારો વિશેની વાત જાણવા ચાહતા હોએ તો સુવાર્ત્તાઓ વાંચી જુઓ. એ પરથી માલમ પડશે કે હજારો સાહેદીઓની આગળ ખ્રીસ્તે ઘણી

ઘખત ઘણા ચમત્કાર કર્યાછે પણ યાદ રાખવું જોઇએ કે તમાસાને વાસ્તે તેણે કદી ચમત્કાર નથી કર્યા પણ તેના ચમત્કાર હકિકતમાં કોઇ ન કોઇ જરૂરત પાર પાડવાને વાસ્તે હતા. વળી પોતાની મોટાઇ જાહેર કરવાને પણ તેણે કોઇ ચમત્કાર નથી કર્યા.

આ ચમત્કારોથી સાફ માલમ પડે છે કે દેવે તેને મોકલ્યો હતો અને તેના પહેલાં એના સરખો કોઇ આવ્યો નહતો અને એના પછી પણ કોઇ આવ્યો નથી. તેણે કહોડીઆઓને શુદ્ધ કર્યા, રોગીઓને સાજા કર્યા, આંધળાઓને દેખતા કર્યા લંગડાઓને ચાલતા, મુંગાઓને બોલતા, અને બહેરાઓને સાંભળતા કર્યા, મરીગએલાઓને તેણે જીવતા કર્યા, તેણે ભૂત કહાડ્યાં, પાંચ હજાર જણને પાંચ રોટલીથી તૃપ્ત કીધા. તે પાણીપર ચાલ્યો, પાણી તથા મોજા તેના હુકમને આધીન થયા. દેવ સિવાય અથવા દેવ જેને અખત્યાર આપે તે સિવાય આવાં કામ કોણ કરી શકે?

ખરી વાત છે કે ઇશુખ્રીસ્ત સિવાય બીજાઓએ પણ ચમત્કાર કર્યા છે જેમકે મુસાએ, એલીઆએ અને વિગરે એ પણ તેઓએ ચમત્કાર નોકરની માફક કર્યા પણ ઇશુખ્રીસ્તના ચમત્કારોમાં અજાયબી માલમ પડે છે એટલુજ નહિ પણ તેમાં તેનો અખત્યાર અને હુકમ પણ માલમ પડે છે. વળી એક મોટી વાત એ છે કે તેણે પોતે ચમત્કાર કર્યા એટલુંજ નહિ પણ તેણે પોતાના શિષ્યોને પણ ચમત્કાર કરવાનો અધીકાર આપ્યો. શું કોઇ પેગંબરને આવો અધિકાર હતો? એઓએ ચમત્કારો તો કર્યા પણ બીજાઓને ચમત્કાર કરવાનો અધિકાર તેઓ આપી શક્યા નહિ. માર્ક. ૬; ૧૩. પ્રેરિ. ૩; ૧–૧૮. ૬; ૮. ૮; ૭–૧૭. ૯; ૩૨–૪૩.

જે જે ચમત્કાર શિષ્યોએ કર્યા તે તેઓએ ખ્રીસ્તના અધિ-

કારથી કર્યાં. જે બીજાઓને આવો અધિકાર આપી શકે છે અથવા જેના અધિકારથી બીજાઓ આવા ચમત્કારો કરી શકે છે, તે કોણ હશે ?

એ પણ યાદ રાખવું જોઇએ કે બીજા ધર્મોના પુસ્તકોમાં ઘણા ચમત્કારોનું વર્ણન કરેલું છે પણ ઘણું કરીને એ ચમત્કારો કોઇના ફાયદાને વાસ્તે કરવામાં આવ્યા નહતા. પ્રભુના ચમત્કારો તો બીજાઓનાં દુઃખ, રોગ અને દિલગીરી ટાળવાને વાસ્તે હતા.

તે ઘણી વખત ભુખ્યો અને તરષ્યો થયો અને થાકી પણ ગયો. લોકો તેનું ઘણું અપમાન કરતા હતા; તે એટલો ગરીબ હતો કે કોઇ જગ્યા નહતી જ્યાં તે પોતાનું માથું રાખે. (માત્થી ૮; ૨૦) દુઃખ અને સંતાપ તેનાપર વારંવાર આવતાં હતાં તોપણ પોતાના આરામને વાસ્તે તેણે એક પણ ચમત્કાર ન કર્યો. શેતાને ઘણું જોર માર્યું કે તે ચમત્કારથી પોતાના દુઃખને દૂર કરે પણ પ્રભુએ તેની વાત બિલકુલ માની નહિ. માત્થી, ૪; ૧-૪. બીજાઓને વાસ્તે તેણે ઘણુંએ કર્યું પણ પોતાને વાસ્તે તેણે કંઇ ન કર્યું. જ્યારે તે વધસ્તંભપર ઉંચો કરવામાં આવ્યો ત્યારે તેના દુસ્મનોએ "ઠઠ્ઠા કરતાં કહ્યું કે, બીજાઓને તેણે બચાવ્યા, તે પોતાને બચાવી નથી શકતો." માત્થી. ૨૭; ૪૨. અમે જાણિયેછિયે કે તે પોતાને બચાવી શકતો હતો પણ પ્રીતિના કારણથી તેણે પોતાને નહિ બચાવ્યો એ માટે કે તે બીજાઓને બચાવે.

આ ચમત્કારો પર વિચાર કરો અને જુઓ કે તેનામાં કેવી પ્રીતિ દયા અને મહેરબાની માલમ પડતી હતી. આપણામાંથી કોઇએ પોતાના પડોસી પર પોતાના જેવો પ્રેમ નથી કર્યો પણ તેણે

પોતાના પડોસી પરતો શું પણ પોતાના દુશ્મનોપર પણ પોતાના કરતાં વધારે પ્રેમ કર્યો છે. જો આ ચમત્કારો માણુસની બનાવટના હોત તો તેઓથી ખ્રીસ્તની મોહોટાઈ માણુસોની આગળ જાહેર થાત પણ તેણે કદિ પોતાની મહોટાઇ નથી કરી. ખ્રીસ્તની તમામ હકિકત આપણુ લોકની હકિકતથી જુદી માલમ પડેછે.

આઠમો અધ્યાય.

તેનો ઉપદેશ.

ખ્રીસ્ત કોણ છે તે વિશે તેના ચમત્કારો સાક્ષી આપે છે એટલુજ નહિ પણ તેનો ઉપદેશ પણ આ વાતની સાહેદી આપેછે. જ્યારે ફરોસીઓએ તેને પકડવા ભાલદારોને મોકલ્યા ત્યારે તેઓ તેને પકડી ન લાવ્યા. ફરોસીઓએ તેમને પુછ્યું કે તમે તેને કેમ ન લાવ્યા? તેઓએ જવાબ આપ્યો કે "એ માણુસના જેવું કદી કોઇ માણુસ બોલ્યું નથી" યોહાન. ૭. ૪૬.

હું તમારી વિનંતી કરૂછું કે ખ્રીસ્તનો કરેલો ઉપદેશ જે સુવાર્ત્તામાં આવેછે તે વાંચો અને જુઓ કે આ ભાલદારોએ જે વાત કહી તે ખરી છે કે ખોટી.

ખરી વાત છે કે કુરાન અને બીજાં પુસ્તકોની કંઇ વાતો બાયબલની વાતો જોડે મલતી આવેછે પણ જો કોઇ વિચાર કરીને વાંચી જોશે તો તેને જમીન અને આકાશ જેટલો ફરક માલમ પડશે.

આ પુસ્તકમાં થોડી વાતો લખવામાં આવશે. બાકીની વાતો સુવાર્ત્તામાંથી વાંચીને સમજવી જોઇએ. પ્રભુએ કહ્યું કે આત્મામાં જે રાંક તેઓને ધન્ય છે; કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે. જે

શોક કરેછે તેઓને ધન્ય છે; કેમકે તેઓ દીલાશો પામશે. જે નમ્ર છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ પૃથ્વીનું વતન પામશે. જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ ધરાશે. દયાળુઓને ધન્ય છે; કેમકે તેઓ દયા પામશે. મનમાં જે શુદ્ધ તેઓને ધન્ય છે કેમકે તેઓ દેવને જોશે. સલાહ કરાવનારાઓને ધન્ય છે; કેમકે તેઓ દેવના દિકરા કહેવાશે. ન્યાયીપણાને લીધે જેઓની સતાવણી કરાય છે તેઓને ધન્ય છે; કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે. જ્યારે લોક તમારી નિંદા કરશે, ને પુઠે લાગશે, ને મારે લીધે તમારે ઉલટી હરેક ભુંડી વાત જુઠાઇથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ; કાંજે આકાશમાં તમારૂં ફળ મોટું છે; કેમકે તમારી અગાઉના ભવિષ્યવાદીઓની પુઠે તેઓ એમજ લાગ્યા....વ્યભિચાર ન કર, એમ પુરાતન લોકોને કહેલું હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું કે, જે કોઇ બાયડી ઉપર ખોટી નજર રાખે છે, તેણે એટલામાં પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કર્યો છે.......જે કોઇ પોતાની બાયડીને મુકી દે તે તેને ફારગતી લખી આપે, એમ પણ કહ્યું હતું. પણ હું તમને કહું છું કે વ્યભિચારના કારણ વગર જે કોઇ પોતાની બાયડીને મૂકી દે, તે તેની પાસે વ્યભિચાર કરાવે છે; ને જે કોઇ તે મુકી દીધેલીની જોડે લગ્ન કરે તે વ્યભિચાર કરે છે......તું પોતાના પડોસી પર પ્રીતિ કર, ને પોતાના વેરી ઉપર દ્વેષ કર, એમ કહેલું હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું કે, તમે પોતાના વેરીઓ પર પ્રીતિ કરો, જે તમને શાપ દે છે તેઓને આશીર્વાદ દો, જે તમારો દ્વેષ કરે છે તેઓનું ભલું કરો, ને જે તમને સતાવે છે, ને તમારી પુઠે લાગે છે તેઓને સારૂ પ્રાર્થના કરો,

એ માટે કે તમે આકાશમાંના તમારા બાપના દિકરા થાઓ, કારણ કે તે પોતાના સુરજને ભુંડા તથા ભલા પર ઉગાવે છે, ન્યાયી તથા અન્યાયી પર વરસાદ વરસાવે છે....માણસો જુએ એવા હેતુથી તેઓની આગળ તમારાં દાનધર્મ કરવાથી સાવધાન રહો, નહિ તો આકાશમાંના તમારા બાપથી તમને ફળ મળવાનું નથી....પણ તું તારાં દાનધર્મ કરેછે, ત્યારે જે તારો જમણો હાથ કરે તે તારો ડાબો હાથ ન જાણે. એ માટે કે તારાં દાનધર્મ ગુપ્તમાં થાઓને ગુપ્તમાં જોનાર તારો બાપ પોતે પ્રગટમાં તને ફળ ભરી આપશે. અને જ્યારે તું પ્રાર્થના કરેછે ત્યારે ઢોંગીઓના જેવો ન થા, કાંજે માણસો તેઓને જુએ, માટે તેઓ સભાસ્થાનોમાં તથા રસ્તાઓના નાકાઓ પર ઉભા રહેતાં પ્રાર્થના કરવા ચાહે છે: હું તમને ખચીત કહું છું કે તેઓ પોતાનું ફળ પામે છે. પણ જ્યારે તું પ્રાર્થના કરે છે, ત્યારે પોતાની ઓરડીમાં પેસ, ને તારૂં બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા બાપની પ્રાર્થના કર, ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને પ્રગટમાં ફળ ભરી આપશે....વળી જ્યારે તમે ઉપવાસ કરો, ત્યારે ઢોંગીઓની પેઠે લેવાઇ ગએલાં મહોના નથાઓ, કેમકે લોકોને ઉપવાસી દેખાવા સારૂ તેઓ પોતાનાં મહો કસાણાં કરે છે. હું તમને ખચીત કહુંછું કે તેઓ પોતાનું ફળ પામે છે. પણ તું ઉપવાસ કરે, ત્યારે પોતાના માથાપર તેલ ચોપડ, ને પોતાનું મહો ધો; એ માટે કે તું માણસોને નહિ, પણ ગુપ્તમાંના તારા બાપને ઉપવાસી દેખાય, ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને પ્રગટમાં ફળ ભરી આપશે.

પૃથ્વીપર પોતાને સારૂ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરેછે, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરેછે. પણ તમે

પોતાને સારૂ આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરતા નથી કેમકે જ્યાં તમારૂં દ્રવ્ય છે, ત્યાંજ તમારૂં ચિત્ત પણ રહેશે......કોઇથી બે ધણીની ચાકરી કરાય નહિ, કેમકે તે એક પર દ્વેશ કરશે, ને બીજા પર પ્રીતિ કરશે; અથવા એકની ગમનો તે થશે, ને બીજાને તુચ્છ કરશે; દેવની તથા દ્રવ્યની સેવા તમારાથી કરાય નહિ......તમે સાંકડે બારણે માંહે પેસો, કાંજે જે માર્ગ નાશમાં પોહોંચાડેછે, તે ચોડોછે. ને તેનું બારણું પહોળું છે, ને ઘણા તેથી પેસેછે. કેમકે જે માર્ગ જીવનમાં પોહોંચાડેછે તે સાંકડો છે, ને તેનું બારણું સાંકડું છે, ને જેઓને તે જડેછે તેઓ થોડા છે......જે મને પ્રભુ પ્રભુ કહેછે, તે સર્વે આકાશના રાજ્યમાં પેસશે એવું નહિ, પણ જે મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે કરેછે તે પેસશે. તે દહાડે ઘણા મને કહેશે કે, પ્રભુ પ્રભુ, શું અમે તારે નામે ભવિષ્યવાદ કહ્યો નથી? અને તારે નામે ભૂતોને કહાડવાં નથી? અને તારે નામે ઘણાં પરાક્રમી કામો કીધાં નથી? ત્યારે હું તેઓને સાફ કહીશ કે મેં તમને કદી પણ ઓળખ્યા નહિ; ઓ ભુંડું કરનારાઓ તમે મારી પાશેથી દૂર જાઓ. માત્થી. અધ્યા ૫, ૬, ૭.

શું કોઇએ આવો ઉપદેશ કદી કર્યોછે. ?

કુરાન અને વેદોમાં રીત, રસમ, તથા ખાવા પીવાપર ઘણું જોર દેવામાં આવ્યું છે. પ્રભુની સર્વે વાતો અંતઃકરણ સંબંધી છે. વળી તે કહે છે કે જે કંઇ મોહોમાં પેસે છે તે પેટમાં જાય છે, ને સંડાસમાં બહાર નંખાય છે. પણ જે જે મોહોમાંથી નીકળે છે તે હૃદયમાંથી આવે છે, ને તેજ માણસને વટાળે છે. કેમકે ભુંડી ક-

લ્પનાઓ, હત્યાઓ, વ્યભિચારો, જારકર્મો, ચોરીઓ, જુઠી સાક્ષીઓ, તથા દુર્ભાષણો હૃદયમાંથી નીકળે છે, માણુસને જે વટાળે છે તે એજ છે; માત્થી. ૧૫; ૧૭–૨૦.

શું આ વાતો વાંચીને તમે એમ નહિ કહેશો કે અમારી હાલત બિલકુલ એવી નથી, પણ જે કામ તેણે અમને કરવાને મના કર્યાં તે અમે કર્યાં છે અને જે કામો તેણે અમને કરવાને હુકમ આપ્યો તે અમે નથી કર્યાં. જો અમારો ઇનસાફ કરવામાં આવે તો અમારો નાશ થાએ. માટે પ્રભુ ઈશુખ્રીસ્ત સિવાય કોઇએ પુરી રિતે આ વાતો પાળી નથી.

મહેરબાની કરીને પ્રભુનો બીજો ઉપદેશ જે લુકની સુવાર્તાના ૧૨ મા અને ૧૪ મા અધ્યાયમાં તથા યોહાનની સુવાર્તાના ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ મા અધ્યાયમાં આવેછે તેપર તથા તેનાં દ્રષ્ટાંતો પર વિચાર કરો. વળી આ વાતપર પણ સોચ વિચાર કરો કે તેણે કેવી પ્રીતિ અને ધિરજથી પોતાના શિષ્યોને ઉપદેશ આપ્યો. તેઓ સહન કરી શકે અથવા શિખી શકે તે કરતાં વધારે તે તેમને જ-ણાવતો નહતો. જ્યારે તેઓ સારી વાતો બોલતા અને નેક કામ કરતા ત્યારે તે તેમને કેવો દીલાસો દેતો હતો અને જ્યારે તેઓ નઠારાં કામ કરતા ત્યારે તે તેમને કેવી શીખામણ દેતો હતો. આ વાત પર પણ વિચાર કરો કે તે પાપીઓ તથા ખોવાએલાઓને કેવી રીતે સોધતો કે તેમને બચાવે; કેવા ડહાપણથી તે દુષ્મનોની જોડે વાતચીત કરતો કે તેઓનાં કપટ જાહેર થાએ કે કદાચ તેઓ શરમાઇને પસ્તાવો કરે. માત્થી ૨૩ મો અધ્યાય અને લુક ૧૧; ૩૭–૫૫ કલમ લગી વાંચો અને તમને માલમ પડશે કે તેણે પ-

રોસીઓ, શાસ્ત્રીઓ તથા પંડિતો સંબંધી શું કહ્યું. આ લોક હાલના મોલવી તથા ગુરૂના સરખા હતા અને લોક તેમને બહુ માન આપતા હતા. પ્રભુએ આ લોકોને ઢોંગ લોકોની આગળ પ્રગટ કર્યો. અને એ કારણથી એ લોક તેનાપર બહુ નાખુશ રહેતા હતા અને હમેશાં તેને કેવી રીતે મારી નાંખવો એ વિશે મસલહતમાં રહેતા હતા તોપણ તે સત્યના રસ્તાથી હઠયો નહિ.

જ્યારે તે પંતિયસપીલાત હાકેમની સામે ઉભો રહ્યો ત્યારે તેણે કેવી સારી સાક્ષી પુરી તેનો વિચાર કરો. શું આ વાત સત્ય નથી કે જેવી વાતો તેણે કહી અને કરી તેવી બીજા કોઇએ કહી નથી અને કરી નથી. જે કોઇ દેવનો માર્ગ શીખવા ચાહે છે તે એનાથી શીખે. દેવ આપણ સર્વ પર એવી કૃપા કરે કે આપણે તેનું સાંભળીએ.

નવમો અધ્યાય.

ઇશુખ્રીસ્ત દેવનો પુત્ર છે તેની સાબીતી.

કોઇ કહેશે કે અમે પણ માનિયે છિયે કે ભવિષ્યવાદીઓએ તથા પવિત્ર લોકોએ તેના વિશે સાક્ષી પુરી હતી; અમે જાણિયે છિયે કે તેણે ઘણા ચમત્કારો કર્યા અને તેનો ઉપદેસ બહુ અજાયબ છે. બેશક તે મહા પવિત્ર પુરૂષ અને એક મોટો પેગમબર હતો પણ અમે આ વાત નથી માનતા કે તે દેવનો પુત્ર છે.

આ વાતમાં હું એ જણાવવા ચાહું છું કે જો તે સાચો પુરૂષ છે તો તે દેવનો પુત્ર પણ છે નહિ તો તે જુઠું બોલનાર તથા દુર્ભાષણ કરનાર ઠરે. જ્યારે દૂતે મરીયમને કહ્યું કે ઇશૂ જન્મશે ત્યારે તેણે એ પણ કહ્યું કે તે દેવનો પુત્ર કહેવાશે. લુક. ૧; ૩૫

યોહાન બાપ્તિસ્મા કરનારે તેના વિશે સાક્ષી પુરી કે તે દેવનો પુત્ર છે. યોહાન. ૧; ૩૪.

ભુતોએ કહ્યું કે તે દેવનો પુત્ર છે. લુક. ૪; ૪૧. એટલે દૂત પેગમબર તથા ભુત માનેછે કે તે દેવનો પુત્ર છે.

જ્યારે ઇશુએ પોતાના શિષ્યોને પુછ્યું કે હું કોણ છું ત્યારે પીતરે જવાબ આપ્યો કે તું મશીહ જીવતા દેવનો દીકરો છે. માત્થી. ૧૬; ૧૫, ૧૬.

જ્યારે ઇશુએ આ વાત સાંભળી ત્યારે તેણે શું કર્યું ? જ્યારે લુકોનીઆના લોક પાઉલ અને બારણાબાને પુજવા લાગ્યા ત્યારે તેઓએ પોતાનાં વસ્ત્ર ફાડ્યાં અને તેઓને એમ કરવાથી વાર્યા. શું ખ્રીસ્તે પણ પીતરની વાત સાંભળીને એમ કર્યું? જો તે દેવનો પુત્ર ન હોત તો જરૂર તે પીતરને ધમકાવત, પણ તેણે એમ ન કર્યું. પરંતુ તેણે કહ્યું કે "સીમોન બારયોના, તને ધન્ય છે, કેમકે માંસ તથા લોહીએ નહિ, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે." માત્થી ૧૬; ૧૭.

આ પ્રમાણે તેણે કબુલ કર્યું કે હું દેવનો દીકરો છું અને કે મારા બાપે આ વાત પીતરને જણાવી છે.

જ્યારે યહુદીઓએ તેને પુછ્યું કે શું તેં ઇબ્રાહીમને જોયો છે ત્યારે તેણે જવાબ આપ્યો કે ઇબ્રાહીમના પહેલાં હું છું. ઇબ્રાહીમ ૧૪૦૦ વરસપર મરણ પામ્યો હતો ત્યારે જો તે આરંભથી નહોત તો તે ઇબ્રાહીમને શા રીતે જોઇ શકત ? યહુદીઓ તેની વાત સમજ્યા નહિ અને કહ્યું કે તું દુર્ભાષણ બોલેછે અને તેને પથરે મારવા ચાહતા હતા. યોહાન. ૮; ૫૮, ૫૯.

એક આંધળાને તેણે દેખતો કર્યો અને તેને જણાવ્યું કે હું દેવનો દીકરો છું. યોહાન. ૯; ૩૫–૩૮.

તેણે યહુદીઓને કહ્યું કે હું તથા બાપ એક છિયે. તેઓ ફરી તેને પથરે મારવા ચાહતા હતા કેમકે તેઓએ કહ્યું કે તે પોતાને દેવ બનાવેછે. યોહાન. ૧૦; ૩૦–૩૩.

યોહાનની સુવાર્ત્તાના ૧૧ મા અધ્યાયની ૪ થી કલમ અને ૧૨ મા અધ્યાયની ૨૭ અને ૨૮ મી કલમો જોવામાં આવશે તો વિશેષ સાબીતી માલમ પડશે. તે હરેક વખત દેવને પોતાનો બાપ કહેતો હતો (એક વખત જ્યારે વધસ્તંભપર તે હતો તે સીવાય) અને બે વખત આકાશથી બાપની વાણી આવી કે તે મારો વહાલો દીકરો છે. પહેલી વખતે જ્યારે તે બાપ્તિસ્મા પામ્યો ત્યારે માત્થી. ૩; ૧૬, ૧૭. બીજી વખત એક પહાડપર જ્યાં તેનું મોહો સુરજના જેવું તેજસ્વી થયું હતું. માત્થી ૧૭; ૫.

જ્યારે તે મુખ્ય યાજકો અને વડીલોની સભામાં હાજર કરવામાં આવ્યો ત્યારે તેઓએ તેના પર શું તહોમત મુકયું ? પ્રમુખ્ય યાજકે ઉત્તર દેતાં તેને કહ્યું કે હું તને જીવતા દેવના સમ ખાઉંછું કે, તું ખ્રીસ્ત જે દેવનો દીકરો તેજ છે કે નહિ, એ અમને કહે. ઇશુ તેને કહેછે કે, તેં કહ્યું. ત્યારે પ્રમુખ્ય યાજકે પોતાનાં લુગડાં ફાડીને કહ્યું કે, એણે દુર્ભાષણ કર્યું છે; આપણને બીજા શાહેદીઓની શી જરૂર છે ? માત્થી. ૨૬; ૬૩–૬૫.

આ ઉપરથી તેઓએ ફેંસલો આપ્યો કે તે મરણને લાયક છે. જો તે દેવનો દીકરો નહોત તો શું તે ઇનકાર ના કરત ? જ્યારે તે વધસ્તંભપર જડવામાં આવ્યો ત્યારે તેના દુશ્મનોએ કહ્યું કે,

તેણે દેવપર ભરોસો રાખ્યો, જો તે તેને ચાહેછે તો હમણાં તેનો છુટકો કરે; કેમકે તેણે કહ્યું કે હું દેવનો દીકરોછું. માત્થી. ૨૭, ૪૩.

સુબેદારે કબુલ કર્યું કે ખરેખર એ દેવનો દીકરો હતો. માત્થી. ૨૭; ૫૪.

જ્યારે તે મરીગએલાઓમાંથી સજીવન થયો ત્યારે થોમાએ કબુલ કર્યું કે મારા પ્રભુ. ને મારા દેવ. યોહાન. ૨૦; ૨૮.

કોઇ એમ નથી કહી શકતું કે ખ્રીસ્ત સત્ય નહતો; તો જ્યારે આવી વાત જાહેર થઇ કે તેણે કહ્યું કે હું દેવનો દીકરો છું તો શું આપણે એ વાત સાચી ન માનિયે?

તેના સજીવન થવા વિશેની વાત બીજા અધ્યાયમાં લખવામાં આવશે. શું આટલી વાતોથી માલમ નથી પડતું કે તે દેવનો દીકરો છે?

તેનામાં ઇશ્વરીપણું પણ માલમ પડેછે. તે કર્તા છે. તેથી સઘળાં ઉત્પન્ન થયાં, એટલે જે થયું તે તે વિના કંઇજ ઉત્પન્ન થયું નથી. યોહાન ૧; ૧-૩, ૧૪. કલો. ૧; ૧૫, ૧૬.

તે સર્વનો સંભાળનાર છે તે પોતાના પરાક્રમના શબ્દથી સઘળાં ધરી રાખે છે. હેબ્રી. ૧; ૩.

તે પાપોની માફી આપનાર છે. તેણે એક પક્ષાઘાતીને કહ્યું કે તારાં પાપ તને માફ થયાં છેઃ અને તેને પાપોની માફી આપવાનો અખત્યાર છે એ તેણે તે માણસને પુરી તંદુરસ્તી આપવાથી સાબીત કરી આપ્યું. માર્ક. ૨; ૧-૧૨.

ન્યાયકરણનો અધિકાર પણ તેને અપાયો છે યોહાન ૫; ૨૭. તે આદીએથી છે યોહાન. ૮; ૫૮.

તે સર્વ જગ્યાએ હાજર છે. માત્થી. ૨૮; ૨૦.

પવન અને પાણી તેનું સાંભળે છે. માત્થી. ૮; ૨૭.

તે બીજાઓને ચમત્કારો કરવાનો અધિકાર આપી શકે છે. લુક ૧૦; ૧૭–૧૯.

કદાચ કોઇ કહેશે કે તે માણસ અને દેવ બન્ને હોએ એકેમ બની શકે? આ એક મર્મ છે. એમ લખ્યું છે કે બાપ વગર દીકરાને કોઇ જાણતો નથી. માત્થી. ૧૧; ૨૭. એ પણ લખ્યું છે કે બાપ આ વાતોને જ્ઞાનીઓ તથા તર્કવાનોથી સંતાડે છે અને બાળકોને જાહેર કરે છે. જો તે દેવ નહોત તો તેનાથી આ કામ ન થાત અને જો તે માણસ ન હોત તો તેનાથી પાપ દૂર ન થાત.

ત્યારે શું એ દેવ છે; બીલકુલ નહિ. દેવ એક છે. આપણે પોતાના શરીરનો ભેદ નથી સમજતા તો એમાં શી નવાઇ છે કે આપણે દેવનો ભેદ ના સમજીએ. આપણે પોતામાં શરીર, મન અને આત્મા છે એમ સમજીયે છિએ તોપણ આપણે ત્રણ નથી માત્ર એકજ છિયે. એજ પ્રમાણે દેવ બાપ, દીકરો અને પવિત્રાત્મા પણ છે તો પણ તેઓ ત્રણ જુદા જુદા દેવ નથી પણ ત્રણ મળીને એકજ દેવ છે.

હે વહાલાઓ હું તમારી વિનંતી કરૂં છું કે તમે તકરાર ના કરો પણ દેવની આગળ પોતાનાં પાપ કબુલ કરીને ઘણી નમ્રતાથી સત્ય રસ્તો શોધો અને ખચિત તમને માલમ પડશે કે જો દેવનો દીકરો પાપીઓને વાસ્તે માણસ ન થાત તો આપણ સર્વ ખચિત ખચિત નાશ પામત. સ્તુતિ હો કે દેવે જગતપર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકી જનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઇ તેપર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે. યોહાન ૩; ૧૬.

હું પ્રાર્થના કરૂં છું કે દેવ આ વાતો આપ લોકોને પ્રગટ કરે એ માટે કે તમે દેવના સર્વ આશીર્વાદો જાણીને તેમાં સામેલ થાઓ.

અધ્યાય ૧૦ મો.

તેનું જીવન ચરિત્ર.

તેની જીંદગીનો ફક્ત થોડો એહવાલ અમે આપી શકિયે છિયે. તેનો પ્રેમ અને હમદરદી એવાં હતાં કે હરેકનું દુઃખ તે પોતાનું ગણતો હતો. તે દુઃખીત પુરૂષ અને દરદે અનુભવી થયો. અમારા રોગ તેણે પોતે લીધા અને અમારા મંદવાડ તેણે પોતે ઉઠાવ્યા. તેણે પાપીઓને શોધી કહાડયા, તેણે એમની જોડે ખાધું અને પીધું એ માટે કે જો બની શકે તો તે તેમને બચાવે. એ કેવી અજાયબ વાત છે કે તે દાણીઓ તથા પાપીઓને પોતાની પાસે આવવા દેતો હતો. એટલે સુધી કે કસબેણો પણ દેવની વાતો શીખવાને તેની પાસે આવતી હતી. તેના શિષ્યોનો વિશ્વાસ ઘણો કમ હતો. સાધારણ લોક દુનિયાઇ નફો પામવાની આશાથી તેની પાછળ જતા હતા. ફરોસી લોક હરેક વખત તેની સાથે દુશ્મની રાખતા હતા તો પણ હરેકની જોડે તે ધિરજ અને નેકીથી વરતતો રહ્યો.

તે હરવખત દેવના સત્યપર કાયમ રહ્યો. બેઇજતી, બેઆબરૂ, ઠપકો, તંગી, અને હર પ્રકારનું દુઃખ તેનાપર આવ્યું તોપણ તે આગળ ચાલ્યો અને સત્ય રસ્તેથી લગીર પણ હટયો નહિ. આખરે તેણે પોતાનો જીવ વધસ્તંભપર અર્પી દીધો. તેની કોઇપણ બાબતમાં કંઇ કસુર ન હતી. ઇબ્રાહીમ પોતાના વિશ્વાસને વાસ્તે,

મુસા નમ્રતાને વાસ્તે, અને અયુબ ધિરજને વાસ્તે પ્રખ્યાત છે પણ પ્રભુ ઇશુખ્રીસ્તમાં હર પ્રકારની નેકી સંપુર્ણ રીતે માલમ પડે છે. મેહેરબાની કરીને સુવાર્ત્તામાં તેના સંબંધી જે સર્વે વૃતાંત આપેલો છે તે વાંચો અને તે પર વિચાર કરો. આ ન્હાની ચોપડીમાં ઘણું લખવું મુશ્કેલ છે. ફક્ત એક વાત સંબંધી કંઇ થોડું લખવામાં આવશે, એટલે તેના આજ્ઞાકારીપણા અને તાબેદારી વિશે કે કેવી રીતે તેણે દાસની જગ્યા લીધી અને બાપના હુકમ વગર તે કશું નહોતો કરતો.

એમ લખ્યું છે કે ઇશુ હર વખત પ્રાર્થના કરતો હતો. જ્યારે તેના બે શિષ્યોએ તેની વિનંતી કરી કે એવું કર કે તારા મહિમામાં અમે એક તારે જમણે હાથે અને એક ડાબે હાથે બેસિયે. ત્યારે ઇશુએ તેઓને કહ્યું કે જેઓને સારૂ ઠરાવ્યું છે તેઓ વગર કોઇને મારે જમણે કે ડાબે બેસવા દેવું એ મારૂં કામ નથી. જયારે સેતાને તેનું પરિક્ષણ કરતાં તેને કહ્યું કે જો તું દેવનો દીકરો છે, તો કહે કે આ પત્થરો રોટલી થઇ જાય. તેણે જવાબ આપ્યો કે માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મોહોમાંથી નિકળે છે તેથી જીવશે. તેણે પોતાના શિષ્યોને કહ્યું કે તે દહાડા તથા તે ઘડી સંબંધી માર બાપ વગર કોઇને માલમ નથી; આકાશમાંના દૂતોને નહિ ને દીકરાને પણ નહિ. બીજી વખત તેણે તેમને કહ્યું કે હું આકાશથી પોતાની મરજી પુરી કરવા નહિ પણ બાપની મરજી પુરી કરવા આવ્યો છું. માણસ તરફથી જે આબરૂ છે તેને તે મંજુર નહતો કરતો. આવી આવી વાતોથી જે લોક દેવ અને દેવના માર્ગોને જાણતા નથી તેઓ વારંવાર તકરાર કરીને કહે છે કે જે આ પ્રમાણે કામ કરે તે શી રીતે દેવનો

દીકરો હોય ? જો તે દેવનો દીકરો નહોત તો આ વાતો તેના સંબંધી કદિ લખવામાં આવત નહિ.

હે વાહાલાઓ આ વાતોથી માલમ પડે છે કે તે ખચિત દેવનો દીકરો છે. માણુસ પોતાનો મહિમા કરવાથી આબરૂ સોધે છે. દેવ પોતાનો મહિમા વેગળે મુકવાથી મોટાઇ કરે છે. તેના વિચાર આપણા વિચારોની જોડે મળતા આવતા નથી અને તેના માર્ગો આપણા માર્ગોની જોડે.

પ્રભુ આ દુનિયામાં કેમ આવ્યો. તેના આવવાનાં ઘણાં કારણો છે તેઓમાંથી થોડાં હિંયાં લખવામાં આવશે.

તે આવ્યો એ માટે કે તે દેવ બાપને આપણી આગળ પ્રગટ કરે. યોહાન ૧; ૧૮. ૧૪; ૭–૧૧. કોઇ ભવિષ્યવાદીમાં તાકત નહોતી કે આપણુને દેવ દેખાડી શકે અને જો ઈસુખ્રીસ્ત માણુસ થઇને આપણી પાસે આવ્યો નહોત તો માણુસ હમેશાં દેવબાપથી અજાણ્યા રહેત. દેવને કોઇ માણુસ જાણી શકતો નથી પણ ખ્રીસ્ત એ માટે સદેહ થયો કે આપણે તેનામાં દેવબાપને ઓળખિયે. તેણે ફીલીપને કહ્યું કે ફીલીપ આટલી વાર હું તમારી જોડે રહ્યો છું તોપણ શું તેં મને જાણ્યો નથી ? જેણે મને દીઠો છે **તેણે બાપને દીઠો છે, તો તું શા માટે કહેછે કે, અમને બાપ દેખડાવ ?**

તે આવ્યો એ માટે કે તે પાપનું પ્રાયશ્ચિત કરે અને પાપીઓને બચાવે હેબ્રુ. ૨; ૯, ૧૦; ૧–૧૪. લુક ૧૯; ૧૦. તે દેવનું હલવાન છે જે જગતનું પાપ હરણ કરેછે. યોહાન ૧; ૨૯. શું કોઇ ભવિષ્યવાદી આવું કામ કરી શકતો હતો ? કદી નહિ. ભવિષ્યવાદી નિષ્પાપી નથી માટે તે કોઇના પાપનું પ્રાયશ્ચિત કરી શકતો નથી

પણ ઉલટું ભવિષ્યવાદીના પાપને વાસ્તે પ્રાયશ્ચિતની જરૂર છે. દૂતો નિષ્પાપ છે પણ તેઓ ઉત્પન્ન કરાએલા છે માટે બીજાઓના પાપનું પ્રાયશ્ચિત નથી કરી શકતા. **ફક્ત જે ભવિષ્યવાદીઓ અને દૂતોનો માલીક છે તેજ પાપોનું પ્રાયશ્ચિત કરી શકે છે.**

તે આવ્યો એ માટે કે તે પૃથ્વીપર દેવનો મહિમા પ્રગટ કરે. યોહાન ૧૭; ૪. પાપના કારણથી દેવનું અપમાન થયું પણ પ્રભુ ઇશુના કામથી દેવનું નામ મહિમાવાન થયું છે.

તે આવ્યો એ માટે કે તે તમામ માણસોને વાસ્તે નમુનો બને. યોહાન ૧૨; ૨૬. નિયમશાસ્ત્રથી દેવના મનની હાલત જાહેર નથી થતી પણ પ્રભુની ચાલચલણ જોવાથી આપણને પૂરી રીતે માલમ પડેછે કે કઇ કઇ વાતોથી દેવ ખુશી થાય છે. આદમે પાપ કર્યું તેથી ઘણું નુકશાન થયું પણ પ્રભુ માણસ થયો તેથી વિશેષ આશીર્વાદ અને મહિમા જાહેર થયો.

માણસે દેવનો રસ્તો છોડીને પોતાનો રસ્તો પકડયો અને ત્યારથી માંડીને આજ લગણ આપણ સર્વ જે આદમનો સંતાન છિયે તેઓએ પોતપોતાની મરજી પસંદ કરી છે, દેવની મરજી પસંદ નથી કરી. આ સર્વ પાપની જડ છે. જો આપણે પાપી નાહોત તો આપણે પોતાની મરજી પ્રમાણે ચાલવા ન ચાહત. જે નિષ્પાપ છે તે હમેશાં દેવની મરજી પ્રમાણે ચાલવા ચાહેછે. હાય ! હાય ! આપણે દેવથી કેવા ભટકી ગયા છિયે ! પ્રભુ ઇશુખ્રિસ્તે જરૂર પડવાના કારણથી નહિ પણ પોતાના અવિકારી પ્રેમ અને પોતાની મોટી ખુશીથી પોતાનો મહિમા છુપાવવાનું પસંદ કર્યું માટે એજ કારણથી તે તાબેદાર અને આજ્ઞાકારી માણસ થયો અને દેવ તથા માણસનો વિ-

ચાકર થયો. જ્યારે તેના શિષ્યો માહોમાં તકરાર કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે આપણામાં મોટું કોણ થશે ત્યારે તેણે કહ્યું કે તમે જાણોછો કે વિદેશીઓના રાજાઓ તેઓ પર ધણીપણું કરેછે, ને જે મોટા છે તેઓ એઓના પર અધિકાર ચલાવે છે. પણ તમારામાં એવું ન થાય; પણ તમારામાં જો કોઇ મોટો થવા ચાહે, તો તે તમારો સેવક થાએ અને જો કોઇ તમારામાં મુખ્ય થવા ચાહે તો તે તમારો દાસ થાએ. જેમ માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને તથા ઘણા લોકની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવાને આવ્યો છે તેમ. માત્થી. ૨૦; ૨૫–૨૮.

જેમ લખ્યું છે તેજ પ્રમાણે તેણે કર્યું; તેણે દેવના રૂપમાં છતાં, દેવને સમાન હોવું એ પકડી રાખવાનું ચાહ્યું નહિ; પણ તેણે દાસનું રૂપ લઇને એટલે માણસોની પ્રતિમામાં થઇને પોતાને ખાલી કર્યો; ને માણસના સરખા આકારમાં પ્રગટ થયો ત્યારે, મરણ હા વધસ્તંભના મરણ સુધી આધીન થઇને, પોતાને લીન કર્યો ફીલી ૨; ૫–૮.

આ ઉપરથી આપણને માલમ પડેછે કે જે દેવ છે તે કેવી રીતે સેવા કરવાને આવ્યો. જેની મરજી સંપૂર્ણ છે તે કેવી રીતે પોતાની મરજી પ્રમાણે નહિ પણ જેણે તેને મોકલ્યો હતો તેની મરજી પુરી કરવાને આવ્યો, અને કેવી રીતે તેણે મોકલેલાની જગ્યા લીધી અને બાપના હુકમ વગર તે કંઇજ કરતો નહોતો.

જો તે આવાં કામ ન કરત તો આપણે વાસ્તે શી રીતે નમુનો બનત ? જો પથરની રોટી બનાવી તે પોતાની ભૂખ મટાડત તો તેથી આપણને શો ફાયદો થાત ? આપણે પથરના રોટી બનાવી શકતા નથી પણ જ્યારે તેણે સબર કરીને દુઃખ ઉઠાવ્યા કર્યું તો

આપણે સબર કરી દુઃખ સહિયે તો તેમાં શી મોટી વાત છે. હે ધન્યવંત પ્રભુ અમે તારી સ્તુતિ કરિયે છિયે કે તેં આવાં કામ કર્યાંછે.

એજ વાસ્તે તે યુસફ તથા મરીયમને તાબે રહ્યો. એજ વાસ્તે તેણે પ્રાર્થના કરી. એજ વાસ્તે પોતાનું દુઃખ ટાળવાને તેણે કોઇ ચમત્કાર કર્યો નહિ. હે વાહાલાઓ હું તમને પુછું છું કે તે દેવનો દીકરો હતો એવો વિશ્વાસ શું તમારા મનમાં નથી બેસતો? જો આપણા હાથમાં ચમત્કાર કરવાનો અખત્યાર હોત તો શું આપણે હર વખત દુઃખ, ફજેતી અને બેઆબરૂ સેહેત અને ભયંકર મરણે મરત ? જો આપણી એકજ વાતથી આપણને હર પ્રકારનો આરામ મળત અને આપણા સર્વ શત્રુ શરમાઇ જાત તો શું આપણે તે કામ ન કરત ? બેશક આપણે તે કામ કરત. એ માટે જ્યારે આપણે જોઇએ છિયે કે ખ્રીસ્તે એવું ન કર્યું પણ વધસ્તંભના મરણ લગણ તાબેદાર રહ્યો તો અમને ખાતરી છે કે તે માણસથી મોટોછે એટલુંજ નહિ પણ તે દેવનો દિકરો છે.

અગ્યારમો અધ્યાય.

તેનું મરણ.

પ્રભુ ઇશુના મરણથી પણ માલમ પડેછે કે તે કોણ છે અને તેણે કેવું કામ કર્યું. જે રાતે તે પરસ્વાધિન કરાયો તેજ રાતે પોતાના શિષ્યોને લઇને ગેથસેમનેની વાડીમાં ગયો અને ત્યાં પ્રાર્થના કરવા લાગ્યો કે હે બાપ, જો તારી ઇચ્છા હોય, તો આ વાટકો મારાથી વેગળો કર, તોપણ મારી ઇચ્છા નહિ પણ તારી ઇચ્છા પુરી થાય.

ને તેને બળ આપતો આકાશથી એક દૂત તેને દેખાયો. ને તેણે કષ્ટી થઇને આગ્રહથી પ્રાર્થના કરી ને ભુંઇપર પડતાં લોહીનાં ટીપાં જેવો તેનો પરસેવો હતો. લુક ૨૨; ૪૨-૪૪.

આ કષ્ટ શું હતું ? સત્ય વાત છે કે વખત આવ્યો હતો કે તે પરસ્વાધિન કરાય, તેના શિષ્યો તેને મુકીને નાશી જાય, લોકો તેને મ્હેણાં મારે, કોરડા મારે, તેના પર થુકે અને તે વધસ્તંભપર જડાય. તે બરાબર જાણતો હતો કે આ વાતો થનાર છે. એટલુંજ નહિ પણ તેણે ઘણી વખત પોતાના શિષ્યોને કહ્યું હતું કે એજ વાસ્તે હું યરૂસાલેમ જાઉંછું. આવા દુઃખથી આપણ લોક બહુ ડરિયે છિયે. શું ખ્રીસ્ત પણ આવાં દુઃખોના કારણથી કષ્ટમાં હતો. ?

સર્વે શહીદ અને દેવપરસ્ત લોકોએ દુઃખ, બેઆબરૂ, અને મરણ સહ્યાં અને દેવની સ્તુતિ કરી. શું ખ્રીસ્ત તેમનાથી કંઇ કમ હતો? કદિ નહિ. ખ્રીસ્તના કષ્ટથી એક મોટો મર્મ જાહેર થયો. જો આપણે આ મર્મ સમજીયે તો ઘણો ફાયદો થાય. માણસોની તરફથી તેને ઘણુંજ દુઃખ થયું પણ એ કારણથી તેણે આવી પ્રાર્થના કદિ નથી કરી.

પાપીઓને બચાવવાને તે આ દુનિયામાં આવ્યો પણ સર્વે વખત બાપના મેળાપથી તેને એટલી ખુશી મળતી કે જેનું વર્ણન કરી શકાય નહિ. માણસોની તરફથી તેને ઘણું દુઃખ મળ્યું પણ બાપની તરફથી તેને એવું સુખ હતું કે તે કહેતો હતો કે વિભાગો મનોરંજક ઠેકાણે મને પડયા છે; મને શોભતો વારસો પણ છે.ગીત ૧૬; ૬.

પણ હવે વખત આવ્યો હતો કે તે પાપોનું પ્રાયશ્ચિત કરે અને જે સજા પાપીઓને વાસ્તે વ્યાજબી હતી તે તેને દેવની તરફથી મળે. આપણુ લોકોની આગળ પાપ એ એક હલકી વાતછે; આપણે

પાપની અંદર આખી જીંદગી રહ્યા છિયે માટે તે વિશે આપણે થોડી પરવા રાખિયે છિયે પણ દેવની નજરમાં પાપ અતિશય ભયંકર છે. જરૂરછે કે દેવ પાપને સજા આપે અને તેને પોતાની નજરથી દૂર કરે એ માટે એવું થવું જોઇએ કે પાપીયો તે સજા ઉઠાવે એટલે નરકમાં જાય અથવા અનંતકાળ સુધી દેવની હજુરથી દૂર રહે, નહિ તો કોઇ બીજો તેનો બદલી થાય અને સજા પામે.

શું કોઇ એવો સમર્થ છે કે તે બીજાના પાપની સજા ઉઠાવે? કોઇ માણસની તાકત નથી કે તે આ કામ કરે. ન્યાયમાં ન્યાય માણસ પાપી છે અને જો તેને બચાવનાર ન મળે તો તે નરકમાં જાય. દૂતો માત્ર ઉત્પન્ન કરાએલા પ્રાણીઓ છે, ચાહે તેટલું તેઓ કરે પણ હક્ક કરતાં તેઓ વધારે કરી શકતા નથી. તેઓ બીજાઓને બચાવી શકતા નથી. માત્ર આ સમર્થ દેવમાં છે કે તે પાપીઓની સજા પોતાપર ઉઠાવે અને જો એમ કરવાની તેની મરજી હોય તો જરૂર છે કે તે સદેહ થાય અને માણસ બને એ માટે કે માણસની માફક તે માણસની સજા ઉઠાવે.

દેવે આપણુ પાપીઓપર એટલો પ્યાર કર્યો છે અને હકિકતમાં તેની એવી મરજી હતી માટેજ પ્રભુ ઇશુખ્રીસ્ત જે દેવ છે તે માણસ થયો એ માટે કે તે આપણે વાસ્તે સજા ઉઠાવે. તે પવિત્ર માણસ થયો અને પાપપર પુરો કંટાળો રાખતો હતો પણ જ્યારે પાપીઓના બચાવ વિશેની વાત વચમાં આવી ત્યારે જરૂર હતી કે તે દેવના ક્રોધનો પ્યાલો પીએ. એજ કારણથી તેનો પરસેવો લોહીના ટીપાંની માફક પડતો હતો. કોઇ નથી જાણતું કે આ કષ્ટ કેવું ભયંકર હતું. કોઇ માણસને માલમ નથી કે દેવનો ક્રોધ એ શું

છે. જ્યાં લગી માણુસ જીવતો રહે છે ત્યાં લગી દેવ તેને કદિ છોડતો નથી. જે લોકો દેવના તારણથી નિશ્ચિંત રહે તેઓ નરકમાં જશે અને હમેશાં સુધી નિરાશ રહીને દેવનો ક્રોધ સહેશે. પણ પ્રભુ ઇશુનું કષ્ટ કોણ સમજી શકે. જ્યારે વધસ્તંભપર દેવે તેને છોડી દીધો ત્યારે જે ભારે કષ્ટ તેને પડયું તેનો ભેદ દેવ સિવાય કોઇ જાણી શકતું નથી.

તે સંપુર્ણ માણુસ થયો એ માટે પાપ રૂપ થવાથી તે વિશેષ કંટાળારૂપ થયો તો પણ આધેનીતા તેણે ન છોડી. તે કહે છે કે મારી મરજી નહિ, પણ તારી મરજી પ્રમાણે થાઓ. જો તે પ્યાલાને કંટાળત તો તેની પરિપૂર્ણતા સાબીત ન થાત અને જો આધીન થવું તે ત્યાગત તો તે પરિપૂર્ણ ન રહેત. પણ દેવની સ્તુતિ થાઓ કે હર પ્રકારે તે સંપૂર્ણ માલમ પડયો છે.

આપણે નિર્બળ અને પાપથી વટલેલા છિયે માટે દુઃખ ને પીડાથી બહુ ડરીએછીએ પણ પ્રભુ પરિપૂર્ણ હતો માટે તે દુઃખથી કદિ ન બીધો પણ જ્યારે દેવે તેને છોડયો ત્યારે તેજ પરીપૂર્ણતાના કારણથી તે ઘણો બીધો. જો તે આપણને બચાવવા ચાહે તો જરૂર હતી કે દેવ તેને છોડી દે. એ માટે સુવાર્ત્તામાં લખ્યું છે કે જ્યારે તે વધસ્તંભપર લટકતો હતો ત્યારે છઠ્ઠી હોરાથી નવમા હોરા સુધી આખા દેશપર અંધકાર પડયો. અને આશરે નવમી હોરાએ ઇશુએ મોટે ઘાંટે હાંક મારતાં કહ્યું કે, એલી, એલી લામા શાબાખ્થાની, એટલે ઓ મારા દેવ, મારા દેવ તેં મને કેમ મુકી દીધો છે? માત્થી. ૨૭; ૪૫, ૪૬.

આ પ્રમાણે તેણે પાપોનું સંપૂર્ણ પ્રાયશ્ચિત કર્યું. હવે આપણે શું કરવું? આ બેહદ દુઃખ તેણે આપણે વાસ્તે ઉઠાવ્યું માટે

શું આપણે તેની ઘણી સ્તુતિ ન કરવી જોઇએ?

જે કષ્ટ તેણે ઉઠાવ્યું છે તે તેણે બાપના હાથથી ઉઠાવ્યું છે કેમકે તેણે કહ્યું કે જે વાટકો મારા બાપે મને આપ્યો છે તે શું હું નહિજ પીઉં? યોહાન ૧૮; ૧૧ ને તેં મને મરણની ધુ-ળપર બેસાડયો છે. ગીત ૨૨; ૧૫. યશાયા ભવિષ્યવાદીના પુસ્તકનો ૫૩ મો અધ્યાય પણ વાંચો કે તમે જાણો કે તેનું કષ્ટ કેવું ભારે હતું.—

કોણના નિષ્કપટી મનની પ્રાર્થના સાંભળવામાં નથી આવી? પણ જ્યારે પ્રભુ ઇશુખ્રીસ્તે પંડે પાપીઓની જગ્યા લીધી ત્યારે તેની પ્રાર્થના સાંભળવામાં ન આવી. પ્રાયશ્ચિતનો ભેદ ભારે છે અને બધા લોક તે સમજી શકતા નથી. જે લોકો દેવની પવિત્રતાના અને પાપની મલીનતાના ભોમીઆ નથી તેઓ તો એમ કહેછે કે પ્રભુ ઇશુખ્રીસ્ત દેવ નથી. જો તે દેવ હોત તો તે દેવથી કેમ કરીને છોડી દેવામાં આવત? પણ જે કોઇ આ વાતોને સમજે છે તે જાણે છે કે વધસ્તંભની વાતથી ખ્રીસ્તના ઇશ્વરીપણાની સાબીતી મળે છે.

જો દેવ કોઇ ઉત્પન્ન કરેલા પ્રાણીને છોડીદે તો તે ગમે તો નિસ્તનાબુદ થઇ જાય અથવા ભૂત બની જાય પણ પવિત્ર પ્રભુ ઇશુખ્રીસ્ત દેવથી છોડી દેવામાં આવ્યો તોપણ તેનો વિશ્વાસ સંપૂર્ણ રહ્યો અને તેણે દેવનો મહિમા કર્યો. યોહાન ૧૨; ૨૩. આ પ્રમાણે તેણે પાપનું પ્રાયશ્ચિત કર્યું અને આ પ્રમાણે તે મરણ પામ્યો.

તે દેવનો ખરો સાક્ષી હતો એ માટે માણસોએ તેને માર્યો તથા માણસોના મનની હાલત જાહેર થઇ. આ પાપમાં આપણ

સર્વ સામેલ છિયે. સર્વેએ પાપ કર્યું છે અને જે કોઇએ પાપ કર્યું છે તે ખ્રીસ્તના મરણના પાપમાં સામેલ છે પરંતુ દેવ આપણ સર્વેપર દયા કરે છે અને આપણ સર્વને બચાવવા ચાહે છે અને એ પ્રમાણે હુકમ કરે છે કે ખ્રીસ્તપર વિશ્વાસ કરો. પણ જો આપલોક ખ્રીસ્તપર વિશ્વાસ નહિ કરો અને તેને પોતાનો તારનાર કબુલ નહિ કરો તો તમારૂં પાપ વધી જશે અને તેનો કંઇ ઇલાજ નહિ રહે.

પ્રભુ ઇશુખ્રીસ્તે દેવના હાથથી પણ સજા સહી છે જે પ્રાયશ્ચિત કહેવાય છે. આ ભેદ દેવ આપ લોકને પ્રગટ કરે.

બારમો અધ્યાય.

યજ્ઞો.

ઘણા લોક કહેછે કે અમે યજ્ઞનો ભેદ સમજતા નથી પરંતુ આ વાત તો અમે સમજીયે છિયે કે હરેક માણસને પોતાના કામની માફક ફળ મળશે પણ પાપી માણસના બદલામાં બીજાનો યજ્ઞ થાય એ કેમ બની શકે? આવા લોકોએ યજ્ઞ અને બળીદાનનો અર્થ સમજવો અને પછી તેમને આ મર્મની સમજણ પડશે.

જે બે માણસ પ્રથમ આ દુનિયામાં પેદા થયા તેઓ કાઇન અને હાબેલ હતા. બન્નેને માલમ પડયું કે અમારે કંઇ અર્પણ લાવવું જોઇયે. કાઇન જમીનની ઉપજમાંથી કંઇ લાવ્યો કે જેમાં લોહી કે જીવ નહોતો માટે તેનું અર્પણ રદ કરવામાં આવ્યું. હાબેલ એક પ્રથમ જન્મિત હલવાન લાવ્યો અને તેનું અર્પણ કબુલ કરવામાં આવ્યું.

આપણે જાણિયે છિયે કે ઇબ્રાહીમ અને યાકુબ યજ્ઞ ચડાવતા

હતા અને જ્યારે દેવે ઇસ્રાઇલ પુત્રોને મીસરમાંથી કહાડયા ત્યારે રોજરોજ અને વખતે વખતે યજ્ઞ કરવાને તેણે તેઓને હુકમ આપ્યો. અને ૧૫૦૦ વરસ સુધી એટલે જ્યાંસુધી એ લોક પોતાના મુલકમાંથી કહાડી મુકવામાં આવ્યા નહિ ત્યાં સુધી તેઓ યજ્ઞ કરતા રહ્યા. આજ દીવસ લગી મુસલમાન લોક બકરીઇદને દીવસે બકરા ચડાવે છે અને હિંદુલોક પણ કોઈ કોઇ વખત બલીદાન કરેછે.

હવે આ સવાલ જરૂરનો છે કે યજ્ઞોમાં શી મતલબ હશે? સર્વલોક આ વાત કબુલ કરશે કે બળદ અને બકરાંના લોહીથી પાપ નહિ ટળશે અને જનાવરનો જીવ લેવાથી આપણે દેવને પ્રસન્ન કરી શકતા નથી. જરુરને જરૂર યજ્ઞ ચડાવવામાં કંઇ ભેદ હશે. આ ભેદ શો હશે તે આપણે જાણવું જોઇએ. જો આપણે કુરાન, વેદ કે ગ્રંથસાહેબ વાંચી જોઇએ તો તેથી આ ભેદ જાહેર નહિ થશે પણ બાયબલ વાંચવાથી તેનો ભેદ સાફ જાહેર થાયછે, એટલે કે આ યજ્ઞો ચડાવવાથી દેવ વારંવાર આપણને યાદ કરાવતો હતો કે પાપનું ફળ મરણ છે અને લોહી તથા પ્રાયશ્ચિત વગર દેવનો ઇનસાફ બીલકુલ પુરો થતો નથી. જે જાનવરોનો યજ્ઞ થતો હતો તેઓએ કંઇ પાપ કર્યું નહોતું. આ ઉપરથી માલમ પડેછે કે દેવ એક નિષ્પાપીને મોકલશે કે જેના લોહીથી આપણાં પાપોનું પ્રાયશ્ચિત થાય. આ વાત હાબેલ સમજતો હતો. તેણે કબુલ કર્યું કે હું પાપી છું અને મરણ પામવા જોગછું; એજ કારણથી તેણે હલવાનનો યજ્ઞ કર્યો અને તે ઉપરથી તેનો આ વિશ્વાસ જાહેર થયો કે જરૂરા જરૂર દેવ અમારાં પાપને વાસ્તે કોઇ નિષ્પાપીને મોકલશે કે જે અમારાં પાપને વાસ્તે પોતાનો પ્રાણ આપશે.

જે ઇશુ ખ્રીસ્તના પ્રાયશ્ચિત થવા વિશેની વાત સમજે છે તેજ યજ્ઞનો ભેદ સમજશે પણ જે કોઇ આ વાતને રદ કરે છે તે આ ભેદ કદિ નહિ સમજશે.

હવે યજ્ઞ ચડાવવાની શી જરૂર છે ? પ્રભુ ઇશુખ્રીસ્તે આવીને પોતાનો યજ્ઞ કર્યો છે માટે યજ્ઞ ચડાવવાની હવે જરૂર રહી નથી. આ સમયમાં જેઓ યજ્ઞ ચડાવે છે તેઓ ખ્રીસ્તના યજ્ઞને હલકો સમજે છે.

હે વાહાલાઓ આ વાતોપર વિચાર કરો. શું આ દેવની સત્યતા નથી ? શું તમારાં મન આ વાતની સાક્ષી નથી પુરતાં કે અમે મરણ અને નરકને લાયક છિયે અને કોઇ એક નિષ્પાપીના યજ્ઞ થયા વગર અમે કોઇ રીતે બચી શકતા નથી.

તેરમો અધ્યાય.

ખ્રીસ્તનું પુનરૂત્થાન.

ઇશુ મરણ પામ્યો અને દટાયો પણ ત્યાર પછી શું થયું ? શું તેની જીંદગીનો અંત આવ્યો ? જે પ્રમાણે આપણાં શરીર સડી જાયછે તે પ્રમાણે શું તેનું પણ શરીર સડી ગયું ? અથવા કે જે પ્રમાણે તેણે કહ્યું હતું તે પ્રમાણે તે મરી ગએલાઓમાંથી ઉઠયો ?

દેવનું નામ ધન્યવંત હો, કેમકે અમને ખાતરી છે કે તે મરી ગએલાઓમાંથી સજીવન થયો. જ્યારે તે મરણ પામ્યો ત્યારે તેના શિષ્યો નાઉમેદ થઇ ગયા અને તેઓનો વિશ્વાસ નબળો પડી ગયો અને તેના દુસ્મનો ઘણા ખુશી થયા પણ જ્યારે તે સજીવન થયો ત્યારે તેના દુસ્મનો શરમાઇ ગયા અને તેના શિષ્યો આનંદી થયા.

ઇશુએ કહ્યું હતું કે થોડીવાર પછી તમે મને નહિ જોશો, ને ફરી થોડીવાર પછી તમે મને જોશો. હું તમને ખચીત ખચીત કહુંછું કે, તમે રડશો ને શોક કરશો, પણ જગત હરખાશે; તમે દલગીર થશો, પણ તમારી દલગીરી આનંદરૂપ થઇ જશે. ને અમણા તમને તો દલગીરી લાગેછે ખરી, પણ હું તમને ફરી જોઇશ, પછી તમારાં મન આનંદ કરશે, ને તમારો આનંદ તમારી પાસેથી કોઇ લઇ લેનાર નથી. યોહાન ૧૬; ૧૯–૨૨.

જેમ તેણે કહ્યું હતું તેમજ થયું. માણસોની દુસ્મનીએ ઘણું જોર માર્યું હતું; જ્યારે તે દટાયો ત્યારે જે પથર તેની કબરના મોહોડા ઉપર હતો તે ઉપર તેઓએ મોહોર કરી અને સીપાઇઓની ચોકી બેસાડી. માત્થી. ૨૭; ૬૨–૬૬. પણ દેવને કોણ રોકી શકેછે? ત્રીજા દીવસની મોટી સવારે ઇશુ સજીવન થયો. આકાશથી દૂત ઉતરયો અને તેણે કબરના મોહો ઉપરથી પથર ગબડાવ્યો અને તેના ડરથી ચોકીદારો ધ્રુજ્યા અને મરણ તોલ થઇ ગયા. મરી ગએલામાંથી સજીવન થયા પછી ઇશુ દુનિયાંને જાહેર ના થયો પણ દેવની મહેરબાનીથી અમારા વિશ્વાસને વાસ્તે અમને પૂરી સાબીતી મળેછે કે તે મરી ગએલાઓમાંથી સજીવન થયોછે. ઇશુને મરી ગએલાઓમાંથી ઉઠયા પછી પેહેલી જોનાર મરીયમ માગદાલીન હતી કે જેનામાંથી તેણે સાત ભૂત કહાડયાં હતાં. ત્યાર પછી ઘણી સ્ત્રીઓએ તેને જોયો પછી તે પીતરની આગળ જાહેર થયો. ત્યાર પછી બે શિષ્ય જે ઇમાઉસ ગામની તરફ જતા હતા તેઓને તે મળ્યો. તેજ દીવસની સાંજે પ્રેરિતો અને શિષ્યો એક કોટડીમાં ભેગા થયા હતા ત્યારે ઇશુ તેઓની વચમાં આવી ઉભો રહ્યો અને કહ્યું

કે તમને કુશળતા થાઓ પણ તેઓએ ગભરાઇને તથા ભય પામીને એમ ધાર્યું કે, આત્મા દેખાય છે. ને તેણે તેઓને કહ્યું કે, તમે કેમ ગભરાયા છો, અને તમારા મનમાં કલ્પના કેમ ઉઠે છે? મારા હાથોને તથા મારા પગોને જુઓ, કે હું તેજ છું; મને હાથ અડકાડો, તથા જુઓ, કેમકે તમે જુઓછો કે મને માંસ તથા હાડકાં છે, તે આત્માને હોતાં નથી. ને એ કહ્યા પછી તેણે હાથો તથા પગો તેઓને દેખાડયા. ને તેઓએ હર્ષને લીધે વિશ્વાસ કીધો નહિ, ને અચરતી કરતા હતા, ત્યારે તેણે તેઓને કહ્યું કે, તમારી પાસે હિંયાં કંઇ ખાવાનું છે? ને તેઓએ તેને સેકેલી માછલીનો કકડો, ને મધપુડાનું કંઇ આપ્યું, ને તેણે લઇને તેઓની આગળ ખાધું. અને તેણે તેઓને કહ્યું કે, હું તમારી સાથે હતો, ત્યારે મેં એ વાતો કહી હતી કે, જે મુસાના નિયમ શાસ્ત્રમાં તથા ભવિષ્યવાદીઓમાં તથા ગીતોમાં મારા સંબધી લખ્યુંછે તે બધું પુરૂં થવું જોઇએ. લુક. ૨૪; ૩૬–૪૪. પણ જ્યારે ઇશુ શિષ્યોને મળ્યો ત્યારે થોમા બારમાંનો એક હાજર નહતો, માટે બીજા શિષ્યોએ તેને કહ્યું કે અમે પ્રભુને જોયોછે. પણ તેણે તેઓને કહ્યું કે, તેના હાથમાં ખીલાઓના વેહે જોયા વિના, તથા મારી આંગળી ખીલાઓના વેહેમાં મુકયા વિના, તથા તેની કુખમાં મારો હાથ ઘાલ્યા વિના, હું વિશ્વાસ કરનાર નહિ. અને આઠ દહાડા પછી ફરી તેના શિષ્યો માંહે હતા; ને થોમા તેઓની સાથે હતો; ત્યારે બારણાં બંધ કીધા છતાં, ઇશુએ આવીને વચમાં ઉભા રહીને કહ્યું કે, તમને શાંતિ થાઓ. ત્યારે ઇશુ થોમાને કહેછે કે તારી આંગળી હિંયાં સુધી પોહોંચાડીને મારા હાથ જો, ને તારો હાથ લાંબો કરીને મારી કુખમાં ઘાલ, ને અવિશ્વાસી ન થા, પણ વિશ્વાસ ધર. ત્યારે થોમાએ ઉત્તર આપતાં

તેને કહ્યું કે મારા પ્રભુ, ને મારા દેવ. ઇશુ તેને કહેછે કે, થોમા, તેં મને દીઠો માટે વિશ્વાસ કીધો; જેઓએ દીઠા વિના વિશ્વાસ કીધો તેઓને ધન્ય છે. યોહાન ૨૦; ૨૪–૨૯.

સજીવન થયા પછી ઇશુ ચાળીસ દિવસ લગી પોતાના શિષ્યોને દેખાતો રહ્યો અને તેમને દેવના રાજ્ય વિશેની વાતો કહેતો હતો. પ્રેરિત. ૫; ૩. એક વખત પાંચશો કરતાં વધારે ભાઇઓને તે એકી વેળા દેખાયો ? કરી. ૧૫; ૬. પોતાના સજીવન થયાનાં પ્રમાણો જ્યારે તે આપી ચુકયો ત્યારે તેઓને શેહેર બાહેર લઇ જઇને તેણે કહ્યું કે જ્યાં સુધી બાપના વચન પ્રમાણે પવિત્રાત્મા તમારા ઉપર-ના આવે ત્યાં સુધી યરૂશાલેમથી બાહેર ના જાઓ પણ જ્યારે તે આવે ત્યારે યરૂશાલેમથી માંડીને સઘળા દેશોમાં મારા નામથી પશ્ચા-તાપ તથા પાપ નિવારણ પ્રગટ કરો. પછી પોતાના હાથ લાંબા કરીને તેણે તેઓને આશીર્વાદ દીધો. ને એમ થયું કે તે તેઓને આશીર્વાદ દેતો હતો એટલામાં તે તેઓથી અલગ થયો, ને આકા-શમાં લઇ જવાયો. લુક ૨૪; ૪૭–૫૧. લગભગ એક વરસ પછી સ્તેફને આકાશ ઉઘડેલું તથા ઇશુને માણસના દીકરાની માફક દેવની જમણીગમ ઉભેલો જોયો. પ્રેરિત. ૭; ૫૪–૫૬.

સાઉલ જે પછી પ્રેરિત પાઉલ થયો તે જ્યારે દમશક જતો હતો ત્યારે તેણે તેને આકાશમાં જોયો. પ્રેરિ. ૯; ૧—૯.

આ પ્રમાણે ઘણી સાક્ષીઓથી આપણને માલમ પડે છે કે ઇશુ સજીવન થયો અને આકાશમાં ચડી ગયો. અને આ ઉપરથી અમને ખાતરી છે કે જે કામને વાસ્તે તે આ દુનિયામાં આવ્યો હતો તે કામ દેવની આગળ કબુલ થએલું છે.

જ્યારે ઇશુ વધસ્તંભપર હતો ત્યારે દેવે તેને છોડી દીધો તો ફરીથોડા દિવસ પછી તેણે તેને કેમ પોતાને જમણે હાથે બેસાડયો? આ સ્વાલનો માત્ર એકજ જવાબ મળી શકે છે કે વધસ્તંભપર ઇશુ પાપીઓની જગ્યાપર હતો માટે દેવે તેને છોડી દીધો પણ જ્યારે પ્રાયશ્ચિતનું કામ પુરૂં થયું ત્યારે તેણે તેને ઉઠાડીને પોતાને જમણે બેસાડયો.

આ વાતોપરથી અમને ખાતરી થાય છે કે ઇશુ દેવનો દીકરો છે. જો કોઇ કહે કે તે જુઠો છે તો શું દેવ એક જુઠાને ઉઠાડીને પોતાને જમણે હાથે બેસાડે. આ પ્રમાણે કદિ બની શકેજ નહિ. ખરી રીતે ઇશુખ્રીસ્ત દેવનો દીકરો છે. શું તમે તેનાપર વિશ્વાસ કરશો ? એમ લખ્યું છે કે જો તું તારે મોહોડે પ્રભુ ઇશુને કબુલ કરીશ, ને દેવે તેને મુએલાઓમાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં કરીશ, તો તું તારણ પામીશ. રૂમી. ૧૦; ૯. પ્રભુ કરે કે તમે એમજ કરો.

ચૌદમો અધ્યાય.

પવિત્રાત્માનું આવવું.

તેરમા અધ્યાયમાં આપણે માણસોની સાક્ષી જોઇ કે પ્રભુ ઇશુખ્રીસ્ત મુએલાઓમાંથી સજીવન થયો અને દેવ બાપને જમણે જઇ બેઠો પણ તે સિવાય એક બીજી સાક્ષી છે કે જે માણસોની સાક્ષીથી ઘણી જોરાવર છે અને તે પવિત્રાત્માની સાક્ષી છે. જેમ ઇશુએ કહ્યું હતું તેમ કે સંબોધક, જેને હું બાપની પાસેથી તમારી

પાસે મોકલી દઇશ, એટલે સત્યનો આત્મા જે બાપની પ્રાસેથી નીકળે છે, તે જ્યારે આવશે, ત્યારે મારા સંબંધી સાહેદી આપશે. યોહાન ૧૫; ૨૬. યોહાન બાપ્તિસ્મા કરનારે કહ્યું હતું કે પસ્તાવાને સારૂ હું પાણીએ તમારૂં બાપ્તિસ્મા કરૂંછું ખરો, પણ જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં સમર્થ છે, હું તેના ચંપલ ઉંચકવા યોગ્ય નથી; તે પવિત્રાત્માએ તથા અગ્નિએ તમારૂં બાપ્તિસ્મા કરશે. માત્થી. ૩; ૧૧. જ્યાં લગી પ્રભુ પૃથ્વીપર હતો ત્યાં સુધી પવિત્રાત્મા આપવામાં આવ્યો નહતો, જેમ લખ્યું છે કે કાંજે હજુ પવિત્રઆત્મા અપાયો નહતો, કેમકે ત્યાં લગી ઇશુ મહિમાવાન કરાયો નહતો. યોહાન ૭; ૩૯.

જ્યારે તેનું મરણ પાસે આવ્યું ત્યારે તેણે કહ્યું કે હું બાપની વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક તમારી પાસે સદા રહેવા માટે આપશે, એટલે સત્યનો આત્મા, જેને જગત લઇ નથી શકતું, કાંજે તેને તે દેખતું નથી, ને તેને જાણતું નથી, પણ તમે તેને જાણોછો, કેમકે તે તમારી સાથે રહેછે, ને તમારામાં વસશે. યોહાન ૧૪; ૧૬-૧૭.

પણ જે સાચું તે હું તમને કહુંછું; મારૂ જવું તમને ગુણકારી છે, કેમકે જો હું જાઉં નહિ, તો સંબોધક તમારી પાસે નહિ આવશે. પણ જો હું જાઉં તો તેને તમારી પાસે હું મોકલી દઈશ. યોહાન. ૧૬; ૭.

વળી જ્યારે પ્રભુ મુએલાઓમાંથી ઉઠયો ત્યારે તેણે કહ્યું કે જુઓ, હું મારા બાપનું વચન તમારાપર મોકલુંછું, ને તમે ઉપરથી પરાક્રમે વેષ્ટિત થાઓ ત્યાં સુધી યરૂશાલેમ શહેરમાં રહેજો. લુક

૨૪; ૪૯. યરૂશાલેમથી જતા મા, પણ બાપનું વચન જે તમે મારાથી સાંભળ્યું છે તેની વાટ જોતા રહેજો. કેમકે યોહાને તો પાણીથી બાપ્તિસ્મા કીધું, પણ થોડા દિવસ પછી પવિત્ર આત્માથી તમે બાપ્તિસ્મી થશો. પ્રેરિત. ૧; ૪, ૫.

પ્રેરિતોનાં કૃત્યના બીજા અધ્યાયમાં પવિત્ર આત્માના આવવા વિશેની હકીકત છે. સર્વે શિષ્યો પવિત્ર આત્માથી ભરાઇ ગયા ને આત્માએ જેમ તેઓને ઉચ્ચારણ આપ્યું તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા. સાંભળનારા દંગ થઇ ગયા, કેમકે તેઓમાંના પ્રત્યેક પોતપોતાની ભાષામાં તેઓને દેવનાં મોટાં કામ વિષે બોલતાં સાંભળ્યા. પછી પીતર ઉપદેશ કરવા લાગ્યો અને તેણે કહ્યું કે તમે ઇશુને માર્યો પણ દેવે તેને ઉઠાડયો છે અને અમે સર્વ આ વાતના સાક્ષી છિયે. માટે દેવને જમણે હાથે ઉંચો કરાઇને તથા બાપ પાસેથી પવિત્ર આત્માનું વચન પામીને હમણાં તમે જે જુઓ છો, ને સાંભળો છો તે તેણે રેડયું છે. પસ્તાવો કરો અને પાપનિવારણને અર્થે ઇશુ ખ્રિસ્તને નામે તમારામાંનો પ્રત્યેક બાપ્તિસ્મા પામો, ને તમે પવિત્ર આત્માનું દાન પામશો. ત્યારે જેઓએ તેની વાત આનંદથી અંગીકારી તેઓ બાપ્તિસ્મા પામ્યા, ને તેજ દિવસે ત્રણેક હજાર માણસ ઉમેરાયાં.

કદાચ કોઇ પુછશે કે શું આ બીજો સંબોધક મહમદસાહેબ નહોતા? કદિ નહિ. સંબોધક સત્યનો આત્મા એટલે પવિત્ર આત્મા છે. આ નામ મહમદ સાહેબનું નથી. સંબોધક અણદીઠ છે. દુનિયાં તેને દેખી શકતી નથી. મહમદ સાહેબને દુનિયાં જોતી હતી. સંબોધક આત્મા છે અને તે શિષ્યોમાં રહેતો હતો. મહમદ સાહેબ

તો ક્રોધમાં રહી શકતા નહતા. ખ્રીસ્તે કહ્યું કે થોડા દિવસ પછી પવિત્ર આત્મા આવશે માટે તમે તેના આવવાની રાહ જુઓ અને તેના આવ્યા પછી ઉપદેશ કરો.

ખ્રીસ્ત પછી મહમદ સાહેબ છસો વરસે આવ્યા એટલામાં બધા શિષ્યો મરણ પામ્યા હતા. જો સંબોધક એ મહમદ સાહેબ હોય તો ખ્રીસ્તની વાતો જુઠી ઠરે પણ તેણે કદિ જુઠી વાત કહી નથી. તેના આકાશ ગમનને દસ દિવસ થયા પછી પવિત્ર આત્મા આવ્યો અને તેના વિશેની વાર્તા તમામ પ્રેરિતોનાં કૃત્યમાં છે.

પવિત્રાત્માના આવવાથી શિષ્યોની હાલત બીલકુલ બદલાઇ ગઇ. તેના આવવા પહેલાં તેઓનો વિશ્વાસ કેટલો કમ હતો ? તેઓ સર્વે ઇશુને મુકીને નાશી ગયા હતા અને પીતરે તો સમ ખાઇને ઇશુનો ઇનકાર કર્યો પણ પવિત્ર આત્માના આવ્યા પછી તેઓ ઘણા બહાદુર થઇ ગયા. જુઓ પીતરે ઘણા દુશ્મનોની આગળ તેનો ઇકરાર કર્યો અને તેઓને કહ્યું કે તમે ઇશુને મારી નાંખ્યો એજ મોટું પાપ તમે કર્યું છે. હજુ પણ પસ્તાવો કરો અને તેના નામપર વિશ્વાસ કરો. અધિકારીઓએ મના કરતાં તેમને કહ્યું કે ઇશુના નામનો ઉપદેશ તમારે કરવો નહિ પણ તેઓએ જવાબ દેતાં કહ્યું કે માણસોના કરતાં દેવનો હુકમ વધારે માનવો એ અમારે માથે ફરજ છે. અધિકારીઓએ તેમને કેદમાં ઘાલ્યા અને તેમને બહુ માર્યા પણ તેઓ તેના નામને લીધે અપમાન જોગ ગણાયા માટે હરખ કરતા સભાની વચમાંથી ચાલ્યા ગયા. અને નિત્ય મંદીરમાં તથા ઘેરે ઘેર ઇશુ તેજ ખ્રીસ્ત છે તે વિશે શીખવવાનું તથા પ્રગટ કરવાનું તેઓએ મુક્યું નહિ.

સંબોધકના આવવાથી આ સર્વ હિમત તેમને મળી. કેમકે ખ્રીસ્ત તેઓની સાથે હતો ત્યારે તેઓના વિશ્વાસમાં ખામી હતી પણ જ્યારે પવિત્રાત્મા તેઓના દિલમાં આવીને વસ્યો ત્યારે તેઓની હાલત બદલાઇ ગઇ. પવિત્ર આત્માના આવવાથી એટલો ફરક પડી ગયો કે તેનું બ્યાન ના થઇ શકે.

દેવની સ્તુતિ થાઓ કે તે દિવસથી આજ દિવસ સુધી પવિત્ર આત્મા ખ્રીસ્તના વચન પ્રમાણે દુનિયામાં છે અને આજ પ્રયંત તે ખ્રીસ્તનો ખરો સાક્ષીછે. આજ દિવસ સુધી તે લોકોને પ્રગટ કરેછે કે ખ્રીસ્ત દેવનો દીકરોછે અને દેવે તેને આ જગતમાં એ માટે મોકલ્યો કે પાપીઓને તેનાથી તારણ મળે. તે આપણને જાહેર કરેછે કે ખ્રીસ્ત હાલ આકાશમાં છે અને જે પાપના કારણથી શોક કરેછે તેઓને તે ખ્રીસ્તના મરણ અને પુનરૂત્થાને કરીને દિલાસો આપેછે. અફસોસની વાત છે કે ખ્રીસ્તીઓએ પોતાના અલ્પવિશ્વાસના કારણથી પવિત્ર આત્માને બહુ ખેદિત કર્યો છે માટે આગળના કરતાં તે ઘણો થોડો આશીર્વાદ દે છે, તોપણ તે હિંયાં છે અને જો કોઇ પાપનો પસ્તાવો કરી દેવની તરફ ફરશે તો તેના પાપ પ્રમાણે તે તેને દિલાશો આપશે અને આવીને તેના દિલમાં વસશે. હે વહાલાઓ શું તમારાં મન આ વિશે સાક્ષી નથી પુરતાં કે આ વાત સત્ય છે.

પંદરમો અધ્યાય.

ખ્રીસ્તનું બીજી વખતે આવવું.

જે જે વાતો વિશે વિચાર થયો છે તે પુરી થઇ છે પણ એક ભારે વાત થનાર છે અને તે એ છે કે ખ્રીસ્ત પાછો આવશે, તે

આ દુનિયાંપર રાજ કરશે અને જીવતા તથા મુએલાઓનો ઇનસાફ્ કરશે. દેવના વચન સિવાય બીજી કોઇ જગ્યાએથી આ વાતની સાબીતી આપવી એ અશક્ય છે, પણ જે પ્રમાણે ભવિષ્ય વાદીઓએ ખ્રીસ્તના પેહેલી વખત આવવા વિશેની વાતો કહી તે પુરી થઇ તેજ પ્રમાણે જરૂર છે કે જે જે વાતો તેના બીજી વખત આવવા વિશે લખી છે તે પુરી થાએ.

જ્યારે ઇશુખ્રીસ્ત અધિકારીઓની સભામાં હતો ત્યારે તેણે કહ્યું કે હવે પછી માણસના દીકરાને પરાક્રમના જમણા હાથપર બેસતો તથા આકાશના મેઘોપર આવતો તમે દેખશો. માત્થી. ૨૬; ૬૪. આ પરથી માલમ પડે છે કે જ્યારે તે બીજી વખત આવશે ત્યારે ઘણા પરાક્રમ અને મહિમા સહીત આવશે. દેવે ઠરાવ્યું છે કે આકાશમાંનાં તથા ભૂમીપરનાં તથા ભૂમી તળેનાં સર્વ ઇશુને નામે ઘુંટણ ટેકવે; ને દેવ બાપના મહિમાને સારૂ, પ્રત્યેક જીભ કબુલ કરે, કે ઇશુખ્રીસ્ત પ્રભુ છે. ફિલી. ૨; ૧૦, ૧૧. હરેક જણ તેને તાબે થાય એ જરૂર છે. જો હાલ આપણે તેને તાબે થઇશું તો આશીર્વાદ પામીશું અને જો તાબે નહિ થઇશું તોપણ વખત આવે છે કે જ્યારે તેની આગળ દબવું પડશે પણ આશીર્વાદ નહિ મળશે. હાલ શેતાન આ જગતનો સરદાર છે અને જે ખ્રીસ્તને માને છે તે તુચ્છ કરાય છે પણ એક દિવસ આવનાર છે કે જ્યારે ખ્રીસ્તના માનનારા મહિમા પામશે અને જે પોતાને મોટા કરે છે તે નીચ કરાશે. ખ્રીસ્તે કહ્યું કે જે કોઇ મારાથી તથા મારી વાતોથી લજવાશે, તેનાથી માણસનો દીકરો પોતાના તથા બાપના તથા પવિત્ર દૂતોના મહિમાએ આવશે ત્યારે તે પણ લજવાશે. લુક ૯: ૨૬.

હાલ માણુસનો દિવસ છે, તે વખતે પ્રભુનો દિવસ સરૂ થશે અને દુનિયાની સર્વ વાતો ઉલટ સુલટ થઇ જશે. પહેલા છેલ્લા થશે અને છેલ્લા પેહેલા થશે. હાય ! હાય ! તે દિવસે તેના દુશ્મનો કેવા રડશે. અને ત્યારે માણુસના દીકરાની નીસાણી આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વીપરનાં સઘળાં કુળો શોક કરશે; અને માણુસના દીકરાને પરાક્રમે તથા મોટા મહિમાએ આકાશના મેઘપર આવતો તેઓ દેખશે. માત્થી. ૨૪; ૩૦. જુઓ તે વાદળાં સુદ્ધાં આવે છે, ને હરેક આંખ, ને જેઓએ તેને વીંધ્યો તેઓ પણ તેને દેખશે; ને પૃથ્વીપરનાં સઘળાં કુળો તેને લીધે વિલાપ કરશે. પ્રકટી. ૧; ૭.

ઓ પ્રભુ દેવ, સર્વ સમર્થ, જે છે, જે હતો, તારી સ્તુતિ અમે કરિયેછિયે કેમકે તેં પોતાનું મોટું પરાક્રમ લીધું ને રાજ્ય કીધું છે. અને દેશોના લોક ગુસ્સે ભરાયા ને તારો કોપ આવ્યો; ને સમય એવો છે કે મુએલાનો ઇનસાફ થાય, ને તારા સેવક એટલે ભવિષ્યવાદીઓ તથા પવિત્રો તથા તારા નામથી બિહીનારા પછી તે નાના હોય કે મોટા હોય, તેઓને પ્રતિફળ અપાય, તથા જેઓ પૃથ્વીનો નાશ કરનાર તેઓનો નાશ થાય. પ્રકટી. ૧૧; ૧૭, ૧૮.

હે વાહાલાઓ ખ્રીસ્ત ખચિત આવશે પણ એ કહો કે તે વખત આપ લોકની શી હાલત થશે ? તે વખતે તમારૂં પુંણ અને તમારૂં ન્યાયપણું ક્યાં હશે ? તે વખતે જે દોસ્તોથી તમે હાલ બીહોછો તેઓ તમારે વાસ્તે શું કરશે ? શું તેઓમાંથી કોઇ તમને બચાવી શકશે ? હાલ તમારાં પાપ કબુલ કરો અને ખ્રીસ્તને પોતાનો પ્રભુ તથા તારનાર માનો. માણુસની વાતોપર ધ્યાન ના આપો. માત્ર તેજ તમને દીલાશો આપશે, તમને માફ કરશે, તમને હરત-

ખત સંભાળશે, અને જે વખતે તેનો મહિમા જાહેર થશે તે વખત તમે પણ તેમાં શામેલ થશો. જલદી તેની પાસે આવો, તે કદિ તમને કહાડી નહિ મુકશે. એવું ના થાય કે તે આવે અને તમે આશિર્વાદથી અલગ રહો.

સોલમો અધ્યાય.

આપણ પોતે.

બાયબલ પરથી સાફ જાહેર થાય છે કે તે દેવનું વચન છે કેમકે તે માણુસની અસલ હાલત તેને પ્રગટ કરેછે. જેમ લખ્યું છે કે દેવનું વચન જીવતું તથા સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ ધારવાળું છે ને જીવ તથા આત્મા, સાંધા તથા મજજા જુદા કરે એટલે સુધી વિંધનારૂં છે; ને હૃદયના વિચારનું તથા ભાવનાનું જોઇ લેનારૂં છે. હેબ્રુ. ૪; ૧૨.

બાયબલથી સાફ માલમ પડેછે કે દેવે માણુસને બનાવીને તેને ઘણા આશાર્વાદ આપ્યા. ફક્ત તેમને એટલો હુકમ આપ્યો કે એક ઝાડપરનું ફળ તેઓ ના ખાય, પણ માત્ર એ ફળનેજ વાસ્તે માણુસે દેવને તુચ્છ કરીને પોતાનો રસ્તો પકડયો. તે પાપી થયો અને મરણે તેનાપર જીત મેળવી. તેનો સર્વ વંશ પાપી ઠરયો. એક માણુસથી પાપ જગતમાં પેઠું, ને પાપથી મરણ, ને એમ સઘળાં માણુસોમાં મરણુનો પ્રસાર થયો, કારણુકે સઘળાંએ પાપ કીધું. રૂમી. ૫; ૧૨.

ત્યાર પછી ૧૬૦૦ વરસ લગી જ્યારે માણુસ કોઇ હુકમને તાબે નહિ પણ પોતાની અસલ પ્રેરક બુદ્ધિના અજવાળાપર છોડવામાં આવ્યો ત્યારે તેનો હાલ શો થયો તે આપણુને માલમ પડેછે. એનો

પરિણામ એ થયો કે આખી પૃથ્વી ભયંકર ભુંડાઇ તથા જુલમથી ભરપુર થઇ એટલે સુધી કે દેવે તોફાન મોકલીને નુહ તથા તેના કુટુંબ સિવાય તમામ આદમ જાતનો નાશ કર્યો.

પછી દેવે અખત્યારની તલવાર નુહના હાથમાં આપી તોપણ માણસની હાલત ખરાબ થતી ગઇ અને મૂર્તિ પુજા વધી ગઇ

ત્યાંર પછી દેવે ઇબ્રાહીમને પસંદ કર્યો અને તેને કહ્યું કે તું પોતાના દેશ તથા પોતાનાં સગાં, તથા પોતાના બાપનું ઘર મુકીને, જે દેશ હું તને દેખાડીશ, તેમાં જા. દેવે તેને વચન આપ્યું કે કનાન દેશ હમેશના વારસાને વાસ્તે હું તારા સંતાનને આપીશ. ઇબ્રાહીમથી ઇસહાક જન્મ્યો અને ઇસહાકથી યાકુબ જન્મ્યો. યાકુબ જેનું નામ ઇસ્રાઇલ પણ હતું તે મીસરમાં ગયો. ત્યાં તેનો વંશ ઇસ્રાઇલ પુત્રો ઘણા વધી ગયા અને મીસરનો રાજા તેઓપર જુલમ કરવા લાગ્યો. પછી દેવે મુસાને ઉભો કરી તેનીહસ્તક ભારે ભારે પરાક્રમો કરાવ્યાં અને ઇસ્રાઇલપુત્રોને મીસરમાંથી છોડાવ્યા અને મીસરના બાદશાહ અને તેની ફોજને લાલસમુદ્રમાં ડુબાડી દીધાં.

દેવે ઇસ્રાઇલ પુત્રોનું રક્ષણ કર્યું. પથરમાંથી તેણે તેઓને પાણી પાયું અને આકાશથી તેણેતેઓને વાસ્તે રોટીવરસાવી તોપણ તેઓએ તેનો ઉપકાર નમાન્યો પણ બડબડતા રહ્યા.

દેવ તેમને સીનાય પહાડ પાસે લઇ ગયો અને ત્યાં તેણે તેમને પોતાના હુકમ એટલે નિયમશાસ્ત્ર આપ્યું. તેઓએ વચન આપ્યું કે એ સર્વ હુકમ અમે પાળીશું. પહેલો હુકમ એ છે કે મારી સન્મુખ તને અન્ય દેવો નાહોએ, પણ તેઓએ આ હુકમ બીલકુલ માન્યા નહિ. ચાલીસ દીવસની અંદર એક સુનાનો વાછરડો બનાવી

તેઓ તેની પુજા કરવા લાગ્યા. તેની આસપાસ તેઓ નાચવાં લાગ્યા અને કહેવા લાગ્યા કે હે ઇસ્રાઇલ જે દેવ તને મીસરમાંથી ઉપર લાવ્યો તે આ છે.

મુસાની મધ્યસ્થીવડે દેવે તેઓને માફ કર્યું અને તે તેમને કનાન દેશ તરફ લઇ ગયો પણ અવિશ્વાસના કારણથી તેઓ તેમાં દાખલ થયા નહિ. દેવે તેઓને અરણ્યમાં પાછા ફેરવી દીધા અને બે જેઓ ઇમાનદાર હતા તેઓ સિવાય સર્વ મરણ પામ્યા ત્યાં લગી તેણે તેઓને અરણ્યમાં રખડાવ્યા.

જ્યારે ચાલીસ વરસ પુરાં થયાં ત્યારે દેવે તેમને કનાન દેશમાં પહોંચાડયા અને તેનીજ મદદથી ઇસ્રાઇલ પુત્રો સર્વ રહેવાશીઓ પર જીત પામ્યા પણ થોડા વખતમાં તેઓ દેવને ભુલી ગયા અને પોત પોતાની મરજી પ્રમાણે ચાલવા લાગ્યા એટલે સુધી કે તેઓ મૂર્તિ પૂજા અને ભારે ભુંડાં કામ કરવા લાગ્યા.

ઘણી વખત દેવે તેમને શીખામણ આપી એટલે તેમનાપર દુસ્મનો મોકલ્યા જેઓએ તેમનાપર જીત મેળવી, પણ જ્યારે જ્યારે મદદને વાસ્તે તેઓએ દેવને હાંક મારી ત્યારે દેવે તેઓપર દયા કરી અને તેમને વાસ્તે બચાવનાર ઉભા કર્યા. જ્યારે તેઓ આપ-ફતથી બચી જતા હતા ત્યારે તેઓની હાલત વધારે ભ્રષ્ટ થતી જતી હતી. આવી હાલત સો વરસ લગી રહી.

ફરી તેઓએ કહ્યું કે બીજી પ્રજાઓની માફક અમારે વાસ્તે એક રાજા જોઇએ. પ્રથમ દેવે તેઓની મરજી પ્રમાણે તેઓને એક રાજા આપ્યો. તેણે તેઓને ઘણું દુઃખ દીધું. એ પછી દેવે દાઉદને ઉભો કર્યો કે જે દેવ ભક્ત હતો અને દેવે તેને ઘણો આશીર્વાદ

દીધો. દાઉદનો દીકરો સુલેમાન એક મોટો રાજા થયો પણ તેણે મૂર્તિ પૂજા કરી અને એ કારણથી ઇસ્રાઇલમાં મૂર્તિ પૂજા ઘણી ફેલી ગઈ.

સુલેમાનના મરણ પછી રાજ્યના બે ભાગ થયા. નાના ભાગમાં બે કુળ હતાં અને તેઓ યહુદા કહેવાયા. મોટા ભાગમાં દસ કુળ હતાં અને તે લોક ઇસ્રાઇલ કહેવાયા. આ રાજ્ય દાઉદના કુળની સંગાતે ચાલું રહ્યું. બન્ને રાજ્યોની હાલત મહા ખરાબ થઇ ગઈ. રાજાઓ દેવની તરફ ફર્યા નહિ. એ સિવાય યાજકોના અધિકારીઓએ તથા લોકોએ દેશજાતીઓનાં અમંગળકામોને પસંદ કર્યાં અને ઘણાં ભુંડાં કામ કર્યાં. દેવે જે ઘરને યરૂશાલેમમાં પવિત્ર કર્યું હતું તેને તેઓએ નાપાક કર્યું. પ્રભુ તેઓના બાપદાદાનો દેવ પોતાના લોક પર મેહેરબાન હતો માટે તેણે તેઓની પાસે પોતાના સેવકોની હસ્તક સંદેશા મોકલ્યા પણ તેઓએ દેવના ભવિષ્યવાદી-ઓને મસ્કરીમાં ઉડાવ્યા અને તેની વાતોને હલકી જાણી અને તે-ઓની જોડે ખરાબ રીતે વરત્યા. એટલે સુધી તેઓની ભુંડાઇ વધી ગઇ કે દેવનો ક્રોધ તેઓપર એટલો ભડકયો કે કંઇ ઇલાજ ના રહ્યો. દેવે તેઓને વીખેરી નાંખ્યા. પ્રથમ ઇસ્રાઇલ લોક અને પછી યહુદાના લોક કેદી થઇ પારકા મુલકમાં લઇ જવામાં આવ્યા. ઇસ્રા-ઇલ લોક પોતાના મુલકમાં પાછા આવ્યા નહિ પણ સીતેર વરસ પછી યહુદાના લોકોને પોતાના મુલકમાં પાછા જવાને રજા મળી. કેટલાક પાછા ગયા અને સેહેર અને મંદીર જે તુટી ગયાં હતાં તેઓને સમારવા લાગ્યા, પણ રાજ્ય સ્થાપન થયું નહિ. યહુદી લોક પ્રથમ ઇરાની, પછી યુનાની અને ત્યારપછી રૂમીલોકના સેવક થયા.

જે વખતે રૂમી લોકની હકુમત ચાલતી હતી તે વખતે ઇ-સુખ્રીસ્ત તેમની પાસે આવ્યો. જો તેઓએ તેને કબુલ કર્યો હોત તો તે તેમને છોડાવત, પણ તેઓએ તેનો ઇનકાર કર્યો અને તેને મારી નાંખ્યો, એ માટે દેવે રૂમી લોકની હસ્તક તેઓનું શહેર ઉ-જડ કરાવ્યું અને યહુદી લોક સર્વ મુલકોમાં વેરાઇ ગયા અને દુઃખીત થયા.

બાયબલમાં ઇસ્રાઇલ લોકોની હાલત વિશે બહુ લખેલું છે. દેવે આ વાતો કેમ લખી છે? સબબ એ છે કે આ વાતની આપણને ઠીક રીતે જાણ પડે કે દેવ ગમે એટલી કોશીશ કરે, ગમે તેવું સારૂ નિયમશાસ્ત્ર આપે, ગમે તેટલી મહેરબાની કરે તોપણ માણ-સનું મન દેવને ચાહતું નથી અને તેના હુકમોને નહિ માનશે.

ઇસ્રાઇલ લોકોની હાલત શીખવાથી જો આપણી હાલત આ-પણાપર પ્રગટ ના થાય તો એ શીખવું નિષ્ફળ છે. દેવે ફકત આ પ્રમાણે કહ્યું છે એટલુંજ નહિ કે સર્વ વસ્તુ કરતાં હૃદય કપટી છે, ને અતિ ભુડું છે, તેને કોણ જાણી શકે છે? હું પ્રભુ હૃદયને સોધુંછું હું અંતઃકરણને પારખુંછું કે હું પ્રત્યેકને તેના માર્ગો પ્રમાણે, તેની કરણીઓનાં ફળ પ્રમાણે આપું. યરમી ૧૭; ૯, ૧૦. પણ તેણે આપણે વાસ્તે ૪૦૦૦ વરસનો ઇતીહાસ લખાવડાવ્યો છે એ માટે કે આપણે દેવની પ્રીતિ તથા માણસની બંડખોરીથી વાકેફ થઇએ.

હે વાહાલાઓ શું આ પાઠ તમે નથી શીખ્યા? શું તમને નથી માલમ પડયું કે આપણે બેશક મહાપાપી છિયે અને જો કરણી પ્રમાણે આપણો ઇનસાફ કરવામાં આવે તો આપણે જરૂર નરકમાં જઇએ? શું આપ લોક નથી શીખ્યા કે લોહી વહેવડાવ્યા વગર માફી

થતી નથી? હેબ્રુ. ૯; ૨૨. શું આપ લોકને માલમ નથી પડતું કે આપણે વાસ્તે એવો સદગુરૂ અથવા તારનાર જોઇએ કે જેણે પોતાનો જીવ આપણે વાસ્તે આપ્યો છે ? શું આપ લોકને એ પણ માલમ પડ્યું છે કે અમારે ફરી જન્મવું જરૂરછે ? યોહાન. ૩; ૭.

જો હૃદયની અસલ હાલત જાણવા ચાહતા હો તો તે આ છે કે કોઇ ન્યાયી નથી, એક પણ નથી; સમજનાર કોઇ નથી, દેવને શોધનાર કોઇ નથી; સઘળાએ માર્ગને મુકી દીધો, એક સંગ સઘળા ભ્રષ્ટ થયા, સારૂં કરનાર કોઇ નથી, એક પણ નથી; તેઓનું ગળું ઉઘાડી કબરછે તેઓ પોતાની જીભથી કપટ કર્યા કરેછે, તેઓના હોઠોમાં સર્પનું ઝેર છે; તેઓનું મોહોડું શરાપથી તથા કડવાસથી ભરેલુંછે; તેઓના પગ લોહી વહેવડાવવા સારૂ વેગવાનછે; તેઓના માર્ગોમાં નાશ તથા સંતાપ છે; ને શાંતિનો માર્ગ તેઓએ જાણ્યો નથી; તેઓની આંખ આગળ દેવનું ભય નથી. રૂમી. ૩; ૧૦–૧૮. જો કે આ સર્વ કામ આપણે નાકર્યાં હોય તોપણ એ સર્વની જડ આપણા હૃદયોમાં છે અને જો તેનાં ફળ જાહેર થયાં તો કંઇ અજાયબ નથી.

જે લોકોએ ખ્રીસ્ત વિશે કહ્યું કે એને વધસ્તંભ જડો, એને વધસ્તંભે જડો તેઓ ઘણા ખરાબ હતા તોપણ તેઓના તથા આપણામાં કંઇ ફરક નથી, કારણ એ, કે, દેવે કહ્યુંછે કે સઘળાએ પાપ કર્યુંછે અને સઘળાની હાલત એકજ છે.

આ વાતો સાંભળીને જો આપણે પોતાની ભ્રષ્ટ હાલત તથા નાલાયકીને ઓળખીશું નહિ તો દેવ આપણને આશીર્વાદ નહિ આપશે. જે લોકો પોતાનાં પાપ કબુલ કરીને ઇશુ ખ્રીસ્તની હસ્તક તેની પાસે આવશે માત્ર તેઓને દેવ કબુલ કરશે.

આ પ્રમાણે બાયબલ આપણા હૃદયોની હાલત જાહેર કરેછે. શું તે દેવનું વચન નથી? દેવ અજવાળું છે માટે જરૂરછે કે તે આપણા પાપોને પ્રગટ કરે. દેવ પ્રીતિછે માટે તેના અજવાળાએ જે પાપને જાહેર કર્યા છે તેનો તેણે ઇલાજ કર્યો છે. ફક્ત આટલું કરવું જોઇએ કે દેવની મરજી પ્રમાણે આપણે તેની પાસે જઇએ, અને તે સર્વ આશીર્વાદો ઘણી ખુશાથી આપણને પમાડશે. હે વાહાલાઓ શું તેની મહેરબાનીને તમે કબુલ નહિ કરો?

સતરમો અધ્યાય.

છેલ્લું.

હવે ફક્ત થોડું લખવાનું બાકી રહ્યુંછે. જો આપ લોકને ખાતરી નાથાય કે બાયબલ દેવનું વચન છે અને ઇશુખ્રીસ્ત દેવનો દીકરોછે અને તે સિવાય બીજો કોઇ બચાવનાર નથી, જો તમને માલમ પડતું નથી કે હું મહા પાપી છું અને ઇશુખ્રીસ્તના મરણ વગર કોઇ પ્રકારે બચી શકતો નથી તો હું વધારે શું કરૂં? દેવ તમારી અદાલત કરશે અને તમારે તમારા પાપોનો જવાબ દેવો પડશે ત્યારે તમારો વ્યાજબી ઇનસાફ થશે પણ તે વખતે કંઇ આશીર્વાદ મળશે નહિ. તે ઇનસાફનો શો પરિણામ થશે? એનો પરિણામ ખચિત એજ થશે કે તમારા પર સજાનો હુકમ થશે અને તમે નરકમાં જશો.

પણ જો તમારા પર આ વાત પ્રગટ થઇ કે ઇશુખ્રીસ્ત તેજ ખરો તારનાર છે તો દેવની ઉપકાર સ્તુતિ કરો. આ તેનું કામ છે. કોઇની તાકત નથી કે તે માણસને હૃદયની ભુંડાઇ અને ખ્રીસ્તનું પરાક્રમ જાહેર કરે.

દેવ ઘણી પ્રીતિથી તમને બોલાવે છે. આશિર્વાદ દેવાને તે બહુ ખુશી છે. તેની પાસે આવો, પોતાનાં પાપ કબુલ કરો અને એવો વિશ્વાસ કરો કે ઇશુખ્રીસ્ત એજ મારો તારનાર અને પ્રભુ છે. તે તમને ઘણી ખુશીથી કબુલ કરશે. તે તમને પાપોની માફી અને અનંત જીવન આપશે. તે તમને પોતાનાં છોકરાંમાં દાખલ કરશે. તમે ફરી જનમ્યા છો કે નહિ તે પણ તમને માલમ પડશે અને દેવ પવિત્ર આત્મા પણ તમને આપશે. દેવ તમારૂ પોષણ કરશે અને પૃથ્વીપર તમારા સર્વે ખપ પુરા કરશે અને આખરે તમે તેના પુત્ર ઇશુખ્રીસ્ત સંગાતે સદાકાળ રહેશો.

બેશક દુઃખ અને મુસ્કેલી તો આવશે. ઇશુખ્રીસ્તે કહ્યું છે કે ચેલો ગુરૂ કરતાં મોટો નથી, ને દાસ પોતાના શેઠ કરતાં મોટો નથી, ચેલો પોતાના ગુરૂ સરખો, ને દાસ પોતાના શેઠ સરખો હોય તો તેજ ઘણું છે. જો તેઓએ ઘરના ધણીને બાલઝબુલ (શેતાન) કહ્યો છે, તો તેના ઘરના લોકોને કેટલું વિશેષે કરીને એમજ કહેશે? શરીરને જે મારી નાખે છે, પણ આત્માને મારી શકતા નથી, તેઓથી બીહો મા; પણ એ કરતાં આત્મા તથા શરીર એ બન્નેનો નાશ નરકમાં કરી શકે છે તેથી બીહો. માત્થી. ૧૦; ૨૪, ૨૫, ૨૮.

જે લોકો ઇશુખ્રીસ્તપર વિશ્વાસ નથી કરતા તેઓ જરૂર તમને દુઃખ દેશે. કદાચ માબાપ તમને છોડી દેશે, બાયડી અને છોકરાં અલગ થઇ જશે. કદાચ મીત્રો તમને કહાડી મુકશે. કોઇ કોઇ રીતે જરૂર તમને ઘણું દુઃખ થશે. પણ લખ્યું છે કે જે કોઇએ ઘરોને, કે ભાઇઓને, કે બહેનોને, કે બાપને કે માને, કે બાયડીને કે છોકરાંને, કે ખેતરોને, મારા નામને લીધે મુકી દીધાં છે,

તે સોગણું પામશે, ને અનંત જીવનનો વારસો પામશે. માત્થી. ૧૯: ૨ ૯.

હરેક મુશ્કેલી અને દુઃખમાંથી દેવ આશીર્વાદ પ્રગટ કરશે પણ દુઃખની વખતે મનમાં ખુશી અને આરામ ઉપજાવશે. જેણે પોતાના દીકરાને રાખી મુક્યો નહિં, પણ આપણ સર્વને લીધે તેને આપ્યો, તે આપણને બધું તેની સાથે કેમ કૃપારૂપે આપશે નહિ?

પણ જે કંઇ કરો તે ખરા મનથી કરો. દેવને ઠગી શકાય નહિ. એમ ના કહો કે હું પ્રભુ પર વિશ્વાસ કરૂંછું પણ પ્રગટ રીતે તેના પર વિશ્વાસ કરીને હું બાપ્તિસ્મા લઇ શકતો નથી. જો બાપ્તિ. સ્મા લઇશ તો મને ઘણું દુઃખ થશે, મનમાં હું વિશ્વાસ કરૂંછું અને તે મારે વાસ્તે બસ છે. આવી વાતો દેવની આગળ ઘણી ના પસંદ છે. જે વિશ્વાસ કરણીથી જાહેર નથી થતો તે ખરો નથી, માત્ર ખોટો છે. પ્રભુ ઇશુએ કહ્યું છે કે માણસોની આગળ જે કોઇ મને માનશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ માનીશ, પણ માણસોની આગળ જે કોઇ મને નહિ માનશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ નહિ માનીશ, પણ પૃથ્વી પર શાંતિ કરાવવાને હું આવ્યો છું એમ ના ધારો; શાંતિ નહિ, પણ તરવાર ચલાવવાને હું આવ્યો છું. કેમકે માણસને તેના બાપને ઉલટો, તથા દીકરીને તેની માને ઉલટી, તથા વહુને તેની સાસુને ઉલટી ફેરવવાને હું આવ્યોછું. અને માણસના વેરી તેના ઘરમાંનાજ થશે. જે મારા કરતાં બાપ અથવા મા પર વત્તી પ્રીતિ કરે છે, તે મારા યોગ્ય નથી; ને દીકરા કે દીકરી પર જે મારા કરતાં વત્તી પ્રીતિ કરે છે, તે મારા યોગ્ય નથી. અને જે પોતાનો વધસ્તંભ ઉચકીને મારી પાછળ આવતો નથી તે મારા યોગ્ય નથી; જે પો-

તાનો જીવ બચાવે છે તે તેને ખોશે ને મારે લીધે જે પોતાનો જી-
વ ખોય છે તે તેને બચાવશે. માત્થી ૧૦; ૩૨--૩૯.

બનાવટની વાતથી દેવ ખુશી નહિ થશે. આણસને છેતરવું એ સહેલું છે પણ દેવને ઠગવો એ કામ મુસ્કેલ છે. ઇશુખ્રીસ્ત સિવાય તમને કોઇ બચાવી શકતું નથી, કોઇ તમને આશીર્વાદ આપી શક્તો નથી, કોઇ તમને સંભાળી શકતું નથી, કોઇ તમને મહિમામાં પહોંચાડી શકતું નથી. તેની વાતો સાંભળો, ઓ કષ્ટકરનારાઓ તથા ભારથી લાદેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિશામો આપીશ. મારી ઝુંસરી પોતા પર લો, ને મારી પાસે શીખો, કેમકે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે પોતાના જીવમાં વિશામો પામશો. કેમકે મારી ઝુંસરી સહેલ ને મારો બોજો હલકો છે. માત્થી ૧૧; ૨૮-૩૦.

જ્યાં લગી બની શકે ત્યાં લગી મેં તમને દેખાડયું છે કે તમે લાચાર પાપી માણસ છો અને ઇશુખ્રીસ્ત એકલો તારનાર છે. એમ ના સમજો કે હું તેને કબુલ નહિ કરીશ પણ રૂડાં કામ કરીને દેવને ખુશ કરીશ. આવી વાત નકામી છે. દેવ પવિત્ર છે અને આપણાં પુણ્ય કર્મ તેની આગળ મેલા ચીથરા જેવાં છે. યાદ રાખવું જોઇએ કે આપણાં પાપ ખરાબ છે એટલુંજ નહિ પણ આપણાં પુણ્ય દાન અને ન્યાયપણામાં એક પણ વાત નથી કે જે દેવની આગળ મંજુર થવા લાયક હોય. નરકમાં આપણને મોકલવાને વાસ્તે એક પાપ બસ છે. ત્યારે જેઓએ હજારો પાપ કર્યાં છે તે શી રીતે બચશે ? આજનો દિવસ મુલવાન સમજો. જલદી પ્રભુ ઇશુખ્રીસ્તનો આશરો પકડો. આ વાતો તમે માનો કે ના માનો પણ સત્યતાને તમે બદલી

શકતા નથી. મારી આગળ તમારે જવાબ દેવાનો નથી. દેવની આગળ જવાબ દેવો પડશે. જે કોઇ દેવના દીકરાની હસ્તક દેવની પાસે નહિ જશે તે તેના આશીર્વાદથી અલગ રહેશે અને પછી નરકે જશે.

પણ કદાપી કોઇ કહેશે કે તમે ભૂલમાં છો. ઠીક, તોપણ તમારાથી શો ગણી ખુશીમાં હું છું અને મને ખાતરી છે કે હું ભૂલમાં નથી અને આ સર્વે વાતો ખરી છે.

હું દેવની વિનંતી કરૂં છું કે તે તમારી આંખો જલદી ખોલે કે તમે તારણ પામો અને ભવિષ્યમાં તમે તેના ન્યાયીપણામાં ચાલો.

સમાપ્ત.